
Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૧૩ • તા. ૨૮ માર્ચ ૨૦૧૬ થી ૦૩ એપ્રિલ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17



## શ્રી અનંતનાથજી ટ્રસ્ટ, મુંબઈ - હુબલી - ગદગ મહાજનોના સહભાગથી શ્રી પાર્શ્વનાથજી દેરાસરજી, કુમઠા તથા શ્રી શાંતિનાથજી દેરાસરજી, વાલગીરીનો ધ્વજા મહોત્સવ ભાવવિભોર કરનાર બન્યો !

વધુ તસવીરો છેલ્લા કવરપર અને અહેવાલ ૫મે પાને





















# શ્રી કે.ડી.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા ક્રિકેટ સ્પર્ધા, ધાર્મિક યાત્રા પ્રવાસ અને સિનીયર સિટીઝન મેળાવડો

## મંડળ દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૬ ની ઝલક










## મંડળ દ્વારા આયોજિત પાવાગઢ - પાલીતાણા - ગિરનાર યાત્રાની ઝલક











## મંડળ દ્વારા આયોજિત સિનીયર સિટીઝન મેળાવડાની ઝલક








**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 13/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# અનંતનાથજી જિનાલયના ભાવિની ચિંતા કરવી જોઈએ ?

છેલ્લી દોઢ-બે સદીથી સમસ્ત જ્ઞાતિની આસ્થા અને એકતાના પ્રતીકોમાં જે ત્રણ સ્થાપત્યો મોખરાનું સ્થાન ધરાવે છે તે અનંતનાથ જિનાલય, પારોલા જિનાલય અને કેશવજી નાયકનો ફુવારો હજી પણ જ્ઞાતિની અસ્મિતાનું સંગોપન કરતા રહ્યા છે.

સીતેરેક વર્ષ પહેલાંના વર્ષોમાં એકાદ સદી સુધી મુંબઈમાં આપણી જ્ઞાતિના દોમ સાહ્યબીને બરકરાર રાખતા માંડવી મસ્જીદબંદર વિસ્તારના આપણા પંદર-વીસ મકાનોમાં વસતા જ્ઞાતિજનોની આશા-આકાંક્ષોનું સીંચન કરતા અનંતનાથજી દેરાસરના નામનો ઉલ્લેખ માત્ર ઈતર જૈન જ્ઞાતિઓ અને અન્ય પ્રજાઓ વચ્ચે આપણને દસ આંગળી ઊંચે સ્થાન અપાવતો તેની તવારીખ કેટલી રોમાંચક છે તેનો અંદાજ આજના દસ-પંદર વર્ષના કિશોર-કિશોરીઓને ભલે ન આવે પરંતુ મોટા ભાગના ચાલીસેક વર્ષના યુવા-યુવતીઓને પણ તેની થોડી ઘણી પણ જાણ હોય કે કેમ તે એક પ્રશ્ન છે.

અલબત્ત, જ્ઞાતિના યુવા વર્ગને આ રીતે નિશાન બનાવીએ તે કરતાં પણ તેમનાથી મોટી વયના જ્ઞાતિજનો અને જ્ઞાતિના વિવિધ અગ્રણી ટ્રસ્ટો અને સંસ્થાઓના ટ્રસ્ટીઓએ અને સંચાલકો - અનંતનાથજી ટ્રસ્ટ સહિતના - જેઓ જ્ઞાતિના સમાજ જીવનમાં છેલ્લાં ત્રીસેક વર્ષ દરમ્યાન સક્રિય અને પ્રવૃત્ત રહ્યા છે તેમને જે માટે સવિશેષ જવાબદાર ઠેરવવા જોઈએ તે આ માંડવી વિસ્તારમાંથી આપણી ઓછી થતી જતી વસતી અને આ વિસ્તારમાં વિધર્મી પ્રજાની ક્રમશઃ વધતી જતી વસતીને લીધે આપણા અનંતનાથજી જિનાલયના અસ્તિત્વ અને તેની સુરક્ષા બાબતે આજ સુધી પગલાં લીધા નથી તે બદલ તેમને દોષિત ઠેરવવા જોઈએ કે કેમ તે પ્રશ્નને બદલે તે સૌ અગ્રણીઓ આ અંગે આજે પણ અપરાધભાવ સવે છે કે કેમ તે પ્રશ્ન હવે પ્રસ્તુત બનવો જાઈએ અને તે સાથે જ, માત્ર અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કે મુંબઈ મહાજનના મોવડીઓ સ્તરે જ નહીં પરંતુ સમગ્ર જ્ઞાતિ સ્તરે તે વિષે ચિંતન-મનન કરી આ મુદ્દે આગામી પાંચ-દશ વર્ષની તબક્કાવાર કાર્યવાહીની રૂપરેખા ઘડવાની અગત્યતા અંગેની પ્રસ્તુતતા પણ તપાસવી જોઈએ.

ભાતબજાર - માંડવીમાં અનંતનાથજી ટ્રસ્ટના રહેણાકના પાંચેક મકાનોમાં અનંત ભુવન (જુનું તથા નવું) અને અનંત નિવાસ મુખ્ય છે. આ મકાનો ઉપરાંત અન્ય માલિકીના મકાનોમાં આપણા જ્ઞાતિજનોને હસ્તકની રૂમો છે. જુના અનંત ભુવનમાં લગભગ ૫૦% જેટલી રૂમો બંધ છે, તેના ભાડુતો અન્યત્ર રહેવા ચાલી ગયા છે. તેવી જ રીતે અનંત નિવાસની પણ વધુને વધુ રૂમો ખાલી થતી જાય છે. ખાલી કરનારા પરા વિસ્તારમાં ઓનરશીપના ફ્લેટો લઈ અહીંના રૂમો ખાલી રાખે છે.

અત્યારે પણ અનંત નિવાસ - અનંત ભુવન અને મસ્જિદબંદરમાંના અન્ય જ્ઞાતિ મકાનોમાં રહેતા જ્ઞાતિજનો જાણે મનમારીને ન છૂટકે ત્યાં રહે છે તેમના ૧૫-૨૦ વર્ષની ઉંમરના સંતાનોને તો અત્યારથી જ આ રહેઠાણો જે સેલ્ફ કન્ટેન નથી તેનો સખત અણગમો છે.

એવી પૂરીપૂરી સંભાવના છે કે જો આ મકાનોનો પુનઃ વિકાસ નહીં થાય તો આજથી દસેક વર્ષ પછી તેઓ પણ વડીલોને છોડીને અન્યત્ર રહેવા ચાલ્યા જશે અથવા તો તેમના વડીલો આ રહેઠાણો બંધ કરી પોતાની પાસે કબજો રાખી અન્યત્ર ઓનરશીપ ધોરણે રહેવા ચાલ્યા જશે, ત્યારે અનંતનાથજી જિનાલયની નજીક ગણ્યા ગાંઠ્યા જ્ઞાતિ કુટુંબો જ વસતા હશે. તેમાંના કેટલા જ્ઞાતિજનો નિયમિત રીતે દર્શન-પૂજા કાજે આવશે તેવા પ્રશ્નનો જવાબ આપણે અત્યારે પણ સહેલાઈથી નકારાત્મક આપી શકીએ છીએ.

એટલે જ સમસ્ત જ્ઞાતિએ હાલથી જ અનંતનાથજી જિનાલયની પંદર વર્ષ પછીની

ભાવિ પરિસ્થિતિ અંગેની વિચારણા અત્યારેજ શરૂ કરી છ-બાર મહિનામાં તેના ઉકેલની પ્રક્રિયા શરૂ કરવી જોઈએ.

અનંતનાથજી ટ્રસ્ટના ૨૦૧૦-૨૦૧૫ના ટ્રસ્ટીઓએ અનંતનાથ જિનાલયના આસપાસની ૧૦-૧૫ વર્ષ પછીની સંભવિત પરિસ્થિતિ વિશે અને તેના પરિપેક્ષ્યમાં અનંત નિવાસ - અનંત ભુવન, જથ્થાવાળો માળો, મલબારીવાળો માળો જેવી મિલકતોના પુનઃવિકાસ કરાવવા બાબતે કોઈ નક્કર વિચારણા કરી હોય તેવો કોઈ સંકેત તેમની પાંચ વર્ષની કારકિર્દીમાંથી મળતો નથી.

વર્તમાન ટ્રસ્ટીઓએ પણ આ રીતે સમગ્રપણે વિચારણા કરી હોય તેવો પણ કોઈ સંકેત મળતો નથી. વર્તમાન ટ્રસ્ટ બોર્ડ તો આખા ટ્રસ્ટના વહીવટ બાબતે કેટલી સંનિષ્ઠાથી સક્રિય છે તે મુદ્દેપણ કોઈ પ્રભાવ કે પારદર્શિતાથી જોજનો દૂર હોય તેવી પ્રતિમા સર્જી રહ્યું છે.

એ જે હોય તે, અનંતનાથજી ટ્રસ્ટના જે કોઈ પણ ટ્રસ્ટીઓ હોય તેમણે.... અનંતનાથજી જિનાલયના ભાવિ અસ્તિત્વનો પ્રશ્ન સમસ્ત જ્ઞાતિના મંચ પર લાવીને તેને તે વિસ્તારની આપણી મિલકતોના પુનઃવિકાસના મુદ્દા સાથે સાંકળીને સર્વગ્રાહી વિચારણા થાય તેવી ભૂમિકા ઊભી કરવી જોઈએ.

આ માટે સમસ્ત મહાજનના આગામી ટ્રસ્ટ બોર્ડ સાથે પણ સંકલન સાધતા અચકાવું ન જોઈએ.

શું આપણે આજથી ૧૦-૧૫ વર્ષ પછી અનંતનાથ જિનાલય જ્ઞાતિ અસ્મિતાના બિનવારસ પ્રતીક તરીકે ચોતરફ વિધર્મી પ્રજાના રહેણાક તથા વેપારવાળા વિસ્તારમાં એકલી અટૂલી- તરછોડાયલી સ્થિતિમાં મૂક, નિષ્પ્રાણ અને લાચાર અવસ્થામાં ઊભું હોય તેવી કલ્પના પણ ન કરી શકીએ એટલા અસંવેદનશીલ થઈ ગયા છીએ ?

- રા

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**ભગિની સમાજ માનબાઈ પદમશી મહિલા મંડળ - માંડવી**

ભગીની સમાજ માનબાઈ પદમશી મહિલા મંડળ હસ્તક મસ્જીદ બંદર (૨૭, અનંત નિવાસ, બીજા માળે, ભાત બજાર) ખાતે ચાલતા મેડિકલ વિભાગના હોમિયોપેથી દવાખાનામાં તાજેતરમાં નિમાયેલ કાબેલ નવા ડોક્ટર કુ. રાહી નાગડા, M.D. ને સ્થાનિક દર્દીઓનો સારો પ્રતિભાવ મળી રહ્યો છે. તેઓ નીચેના દર્દોના નિષ્ણાત છે. શ્વસન, ચામડી તથા વાળના સર્વ પ્રકારના હઠીલા રોગો, શારિરીક અને માનસિક વિકાસમાં કોઈ રૂકાવટ, સોરાયસીસ, પીંપલ્સ, સ્પોન્ડિલાયસીસ, આર્થરાઈટીઝ, સાયટિકા, થાયોઈડ, ડાયબીટીઝ તથા સ્ત્રીજન્ય રોગો. દિવસ અને સમય : દર સોમ, મંગળ, ગુરૂ અને શુક્રવારે સાંજના ૪ થી ૭ સુધી. સર્વેને લાભ લેવા મંડળ તરફથી અનુરોધ કરવામાં આવે છે.


કલા - કસબ અને કલરનો
અનોખો સમન્વય

જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.),કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574
રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી અનંતનાથજી ટ્રસ્ટ, મુંબઇ તેમજ હુબલી અને ગદગ મહાજનોના સહભાગથી શ્રી પાર્શ્વનાથજી દેરાસરજી, કુમઠા તથા શ્રી શાંતિનાથજી દેરાસરજી, વાલગીરીનો ધ્વજા મહોત્સવ ભાવવિભોર કરનાર બન્યો.

શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ તેમના વિશેષ આમંત્રણને માન આપીને પધારેલ હુબલી અને ગદગ મહાજનના સહભાગથી ફાગણ સુદ ૩, તા. ૧૧.૩.૨૦૧૬ના કુમઠાના શ્રી પાર્શ્વનાથજી અને વાલગીરીના શ્રી શાંતિનાથજી જિનાલયોના ધ્વજા મહોત્સવ ભાવપૂર્વક ઉજવાયા.

આગલી રાત્રેજ, ગદગથી આવેલ સંગીત મંડળી દ્વારા વાજીંત્રોની રમઝટ સાથે સ્નાત્ર પૂજા અને સત્તરભેદી પૂજા કૂમઠામાં ભણાવવામાં આવી. સાથે સાથે, છેલ્લા પચાસ વર્ષમાં, પહેલીજ વાર ઉંચી બોલીઓ બોલી ધ્વજા, આરતી, મંગલ દીવો તથા શાંતિ કળશ ના લાભ લેવામાં આવ્યા.

### શ્રી પાર્શ્વનાથજી દેરાસરજી, કુમઠા

| | | | |
|---|---|---|---|
| મૂળનાયકની ધ્વજાનો લાભ લેનાર પરિવાર | રૂા. | ૪૨,૦૦૩ | **માતુશ્રી રતનબાઈ હેમરાજ મોમાયા**, હુબલી<br>(હ. શરદભાઈ) |
| આરતીનો લાભ લેનાર પરિવાર | રૂા. | ૨૭,૦૦૧ | **માતુશ્રી દેવકાબાઈ શામજી મૈશેરી**, જલગામ<br>(હ. શ્રી હિરાચંદ શામજી મૈશેરી, હુબલી) |
| મંગળ દીવાનો લાભ લેનાર પરિવાર | રૂા. | ૨૬,૦૦૧ | **શ્રી કલ્પેશ માણેકજી મોતા,**<br>**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા, શ્રી લેરીન વર્ધમાન ખોના** |
| શાંતિકળશનો લાભ લેનાર પરિવાર | રૂા. | ૮,૦૧૧ | **શ્રીમતી વનીતાબાઇ દેવશી મોમાયા**, હુબલી |

### શ્રી શાંતિનાથજી દેરાસરજી, વાલગીરી

| | | | |
|---|---|---|---|
| મૂળનાયકની ધ્વજાનો લાભ લેનાર પરિવાર | રૂા. | ૭,૦૦૦ | **શ્રી કલ્પેશ માણેકજી મોતા,**<br>**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા, શ્રી લેરીન વર્ધમાન ખોના** |
| આરતી–દીવાનો લાભ લેનાર પરિવાર | રૂા. | ૫,૦૦૧ | **શ્રીમતી વનીતાબાઈ દેવશી મોમાયા**, હુબલી |

**કુલ....... રૂા. ૧,૧૫,૦૧૭**

હુબલીથી લગભગ ૫૦ અને ગદગથી લગભગ ૭૦ જણ કુમઠા આવેલા. આટલી બહોળી સંખ્યામાં પધારી ખૂબજ ઉમંગ અને ઉત્સાહભેર કાર્યક્રમમાં લાભ લેવા બદ્દલ શ્રી અનંતનાથજી ટ્રસ્ટે શ્રી હુબલી મહાજન તથા શ્રી કાંતિલાલભાઈ લોડાયા તથા શ્રી નીરજ કાંતિલાલ લોડાયા અને વાલગીરીમાં કારભાર સંભાળતા શ્રી હીરાચંદભાઈ લોડાયાનું પણ બહુમાન કરેલ. ગદગથી પધારેલ સંગીત મંડળીનું પણ શાલ, શ્રીફળ તથા રૂા. ૫,૦૦૦– નું કવર આપી સન્માન કરેલ.

ટ્રસ્ટ તરફથી નવકારશી, બપોરનું જમણ અને ચા–પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ અને ચોવિહાર માટે બધાને પેક ડબ્બા આપવામાં આવેલ.

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા પધારેલ સર્વેને બટુઆની પ્રભાવના, ટ્રસ્ટીઓ તરફથી રૂા. ૫૦/– નું સંઘપૂજન તેમજ શ્રી પ્રેમચંદ હંસરાજ ડાઘા, કુમઠા તરફથી રૂા. ૧૦/– ની પ્રભાવના કરવામાં આવેલ.

**હવે દર વર્ષે વધુમાં વધુ સંખ્યામાં આવીને ધ્વજાનો કાર્યક્રમ ઉજવવાનું નક્કી કરવામાં આવેલ.**

શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ નવેમ્બર ૨૦૧૫માં કર્ણાટકના કુમઠા અને વાલગીરીના મુલાકાતે ગયા હતા. શ્રી અનંતનાથજી ટ્રસ્ટ હસ્તક, કુમઠા મધ્યે શ્રી પાર્શ્વનાથજી અને વાલગીરી મધ્યે શ્રી શાંતિનાથજી દેરાસર છે.

કુમઠા દેરાસરમાં ૧૨મી શતાબ્દીની શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમા બિરાજમાન છે અને અન્ય પ્રતિમાઓ પણ છે. તેમને લેપ તથા ઓપ કરવાનું ખૂબ જરૂરી છે તે ધ્યાનમાં આવ્યું સાથેજ નાનું મોટું રીપેર કામ પણ જરૂરી હતું તે મુંબઈ આવતા જ મહેસાણાથી કારીગરો મોકલવામાં આવ્યા અને ખૂબજ સુંદર રીતે લેપ–ઓપ નું કામ કરવામાં આવ્યું.

કુમઠા માં રહેવા માટે વાતાનુકુલિત રૂમો તથા dormitory ની વ્યવસ્થા છે જેને કારણે બન્ને જિનાલયોની મુલાકાતે વધુ ને વધુ જ્ઞાતિજનો પધારશે એવી અપેક્ષા છે.

**મુખ્ય તસવીરો પહેલાં અને વધુ તસવીરો છેલ્લા કવરપર**

## આજેય જીવંત છે ''પખાવાજ'' પરંપરા; જહેમત લેશું તો કાલેય તેની રમઝટ જામશે.

ભાંડુપમાં તા. ૧૩ માર્ચના યોજાયેલા પખાવાજ કાર્યક્રમે આજથી ૬-૭ દાયકા અગાઉના પખાવાજ કાર્યક્રમોની યાદોને તાજી કરાવી. હર ગામમાં હારમોનીયમ, પગ પેટી-તબલા સાથે લાલ કપડાના હાથાવાળા કાંસાના પખાવાજ રહેતા, સાથે ઉપરોક્ત વાજીત્રોના વગાડનાર પણ પાંચાડામાં પ્રખ્યાત રહેતા. પોથી, પારણાં, રાત્રી જાગરણ અને વરઘોડાનું એક આકર્ષક પણ પખાવાજ! કડા બેલી, પહેરણ, આડીઓ, ખેસ, ટોપી કે પાઘડી એ શિષ્ટાચાર પોષાક ગણાતો. લોકો આવા મર્યાદા પહેરવેશવાળાને આદરથી આવકારતા.




નલીયાના શ્રી હીરજી કાનજી લોડાયા પીર (ભોલોપીર) સંગીતે હારમોનીયમના માસ્ટર હતા. તેઓ જૈનો સાથે જૈનેતરોમાં પણ નામના ધરાવતા. નલીયાના વેલજીભાઈ લુહાર ગાવા-વગાડવાના કસબી હતા. લાલાના સૌ દરજીભાઈઓ - સાંયરાના વેલજી પ્રાણજીવન ગોર (વેલો મારાજ) જેવા નામી કલાકારોને અન્ય ગામે આમંત્રણ મળતું. તેઓ રૂા. નહોતા લેતા ને ના મળતા. ફક્ત નિજાનંદે ''મોજ'' માણી, ભક્તિએ આનંદ કરાવતા.

એવી પખાવાજ બેઠકોમાં રાત્રે બે ત્રણ વખત ચા-દોંઠા ગાંઠીયા સાથે સીગારેટ-બીડીઓ પણ છૂટથી વપરાતી. પ્રભાતિયા ગાઈ લીધા પછી જલેબી-ફાફડા ખવડાવી પછી ઉઠતા અને એ રાત્રી જાગરણ ''ભારી ભન્યો'' કહેવાતું.

જખૌના બુધિયા બાપા (મોટી ઉમરે અંધ થઈ ગયા છતાં હતા) મોટી પૂજાઓ - સ્તવનો - ગીતો કંઠસ્થ રાખેલા અને ભાવ સાથે લય-તાલમાં ગાતા. એવા શ્રાવકો અન્ય ગામે પણ હતા.

મારી અને વડોદરાના શ્રી શાંતીલાલ કલ્યાણજી લોડાયા, સાંયરાના ચંદ્રકાંત હીરજી ખોનાના પ્રયાસે ફરી પખાવાજ કલા નવચેતન પામી છે. વડોદરાના જ્ઞાતિજનો તો હર હસે ભાવના તથા મહાકાલી માની ભાવનામાં પખાવાજને પ્રાધાન્ય આપી સૌને પ્રોત્સાહિત કરે છે! ગોવાના ભરત દેવશી દંડના પ્રયાસે મીના પી. નાગડા, વીણા એ. દંડ, લીના એલ. નાગડા, રેખા આર. ધુલ્લા એ ગાઈ-વગાડી ઓડીયન્સને તાળીઓ વગાડતા કર્યા.

ભાંડુપનું અનંત મિત્ર મંડળ તો બૃહદ મુંબઈમાં એ કળાએ વરસોથી કાર્યરત છે. આપણી સાથે કચ્છી વીશા ઓસવાળ જૈન જ્ઞાતિ પણ ઉપરોક્ત બાબતે જાગૃત હતી. સૌ કલા રસીકો દૂર દૂરથી સ્વ ખરચે મુંબઈ સુધી આવ્યા એ પખાવાજની ફળશ્રુતિ! વડીલોના સંસ્કાર વીરાસત સમા આ વારસાને જાળવવા મુંબઈ મહાજનશ્રીને ધન્યવાદ.

- **લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ


શુભેચ્છાઓ સહ...

સાંધવ રત્ન

શ્રી મુલજી રાઘવજી લોડાયા

MRL Group of Companies


## નલીયા મહાજનની ચુંટણી

ગામ નલીયામાં તા. ૨૦-૩-૨૦૧૬ના યોજાયેલ મતદાન થકી કેટલાક ગંભીર સવાલો ઊભા થયા છે.

મહાજનની ચૂંટણીયા સહયોગી અન્ય ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ઉમેદવારી, એક વડીલ ટ્રષ્ટીની હાજરી/માર્ગદર્શન, ગામના મહાજનને યેનકેન પ્રકારે કબજે કરવાની ચેષ્ટા આંખે ઊડીને આવી. નિમ્ન કક્ષોની જાહેર ખબરે પ્રચાર કરી, ગામના મહાજનની ગરિમાને/કાર્યકરોને ઉતારી પાડવાની ચેષ્ટા અત્યંત દુઃખદ અને ટીકા પાત્ર કહેવાય.

હવે, પરિણામ ઘોષિત થયા પછી આ ત્રણ મહાનુભાવોએ કરોડોનો વહીવટ કરતા ટ્રષ્ટમાંથી માનભેર તાત્કાલિક રાજીનામું આપી દેવું જોઈએ. અન્યથા સમાજને દાળમાં કાંઈ કાળું હોવાનું કે એકહથ્થુ સત્તા ચલાવવાની મનોદશા/મહેરવા બાબત સવાલો ઊભા કરશે.

જ્ઞાતિ શિરોમણિના નામથી સંલગ્ન એવા આદરપાત્ર ટ્રસ્ટના આવા ટ્રસ્ટીઓની આવી હલકી પ્રકારની હરકતો વ્યાજબીપણે ટીકાપાત્ર બની છે. આવા ગોડફાધરે તાત્કાલિક નિવૃત્તિ સ્વીકારી ચાલતી પકડવી જોઈએ. સમાજે જે પેનલને બહુમત સ્વીકૃતિ આપી છે. એમને શાંતિથી કામ કરવા નરશી નાથા ટ્રસ્ટના અન્ય ટ્રસ્ટીઓએ હિંમતથી આ ટ્રસ્ટીઓના રાજીનામા માંગી. સ્વીકારી તેમની જગ્યાએ અન્ય યોગ્ય યુવાનો લેવા જોઈએ નહીં તો મહાજન /ટ્રસ્ટના કાર્યક્ષેત્ર - વહીવટ બાબત વખતોવખત ખેંચતાણ થતી રહેશે અને આર્થિક હિતોને નુકસાન થશે જે જ્ઞાતિએ ભોગવવું પડશે.

- **શાંતિલાલ જીવરાજ શાહ (નાગડા),** માટુંગા

## ભગવાનને અભિષેક, તો પછી સાધુઓને સ્નાન કેમ નહીં ?

જૈન ધર્મના બે મુખ્ય સંપ્રદાય છે (૧) દિગંબર (૨) શ્વેતાંબર. દિગંબરપંથી સાધુઓ વસ્ત્રો ધારણ કરતા નથી. ખુલ્લા (નગ્ન) શરીરે વિચરણ કરે છે. અલબત્ત દિગંબરપંથી સાધ્વીઓ (આર્યિકાઓ) સફેદ વસ્ત્રો ધારણ કરે જ છે. શ્વેતાંબરપંથી સાધુ-

સાધ્વીઓ સફેદ વસ્ત્રો ધારણ કરે છે. દિગંબરી સાધુઓ ખુલ્લા શરીરે કંઈ પણ બિછાવ્યા વગર જમીન પર સૂઈ જાય છે. આ એક કઠિન તપશ્ચર્યા જેવી વિધિ છે. તેઓ એક જ વખત ભોજન પણ તેઓ હાથમાં લઈને ખાઈ લેતા હોય છે. કોઈ પાત્ર રાખતા નથી. શ્વેતાંબરી સાધુઓ ગોચરી વહોરવા માટે અમુક પ્રકારના ખાસ પાત્રો રાખતા હોય છે.

બંને પ્રકારના સાધુઓમાં એક બાબત સામાન્ય છે. તેઓ બંને નહાતા નથી. શ્વેતાંબરી સાધુઓ વિશે જાણવા મળ્યું છે કે તેઓ ભીના કપડા વડે આખા શરીરે સ્પંજ કરી લે છે. દિગંબરી સાધુઓને ન તો મેં મુંબઈમાં કે ન તો મેં કચ્છમાં જોયા છે. સમ્મેતશિખરના યાત્રા-પ્રવાસ વખતે પણ નહીં. ફક્ત ટીવીમાં અમુક ખાસ ધાર્મિક ચેનલો ઉપર એમનાં પ્રવચનો સાંભળ્યા છે. પણ તેઓ સ્પંજ તો કરતા જ હશે એવું ધારી લઈએ.

બંને સંપ્રદાયોમાં ભગવાનની મૂર્તિઓને સ્નાન કરાવવાની વિધિ અસ્તિત્વ ધરાવે છે. ભગવાન બાહુબલીનો મહામસ્તકાભિષેક તો દુનિયાભરમાં પ્રસિધ્ધ છે. જૈન મંદિરોમાં પણ મૂર્તિઓને અભિષેક થાય જ છે. શ્વેતાંબર સંપ્રદાયમાં પણ સર્વપ્રથમ મૂર્તિઓને પ્રક્ષાલ કરીને પછી અંગલૂછણાં કર્યા બાદ જ પૂજાનું વિધાન છે. હવે બંને સંપ્રદાયોમાં જો મૂર્તિઓને સ્નાન કરાવવાની છૂટ હોય તો પ્રશ્ન એ થાય છે કે સાધુઓને સ્નાન કરવાની મનાઈ શા માટે ? મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા ભલે થયેલી હોય, તો છતાં આખરે તો તે નિર્જીવ પથ્થર કે ધાતુની બનેલી છે. જ્યારે સાધુઓ તો ભગવાનની જીવંત મૂર્તિઓ છે. તેમનામાં પણ ધબકતાં હોય છે. સ્નાન ન કરવાથી તેમના શરીર ઉપર અનેક અશુદ્ધીઓ જામતી રહે છે. જેનાથી તેમને ચામડીના અમુક દરદો થવાની શક્યતા વધી જાય છે.

એટલે જમાના પ્રમાણે આમાં સુધારો કરીને, સાધુઓ માટે સ્નાન જરૂરી બનાવવું જોઈએ. સાથે જ દિગંબરી સાધુઓ જ્યારે જાહેરમાં પ્રવચન વગેરે માટે આવે ત્યારે નાની સરખી પોતડી પહેરીને આવે એ ઈચ્છનીય છે. એનાથી નગ્ન શરીર જોઈને જે અરુચિઓ, અણગમાનો ભાવ ઉત્પન્ન થાય છે તે ટળી જશે.

– **શામજી પદમશી છેડા**, ગાંધીધામ

## સુજાપુર તીર્થે ધ્વજા મહોત્સવ

**કચ્છ સુજાપર તીર્થે અજીતનાથ ભગવાનના દરબારે ૧૩૪મી ધ્વજાનો મહોત્સવ તા. ૧૨-૨-૨૦૧૬ અને તા. ૧૩-૨-૨૦૧૬ના ઉલ્લાસપૂર્વક સંપન્ન થયો.**

મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા (સુજાપુરના જમાઈ) સહપરિવાર પધારી પ્રસંગની શોભા વધારેલ.

**વાર્ષિક અષ્ટપ્રકારી પુજાના નામો નીચેપ્રમાણે આવેલ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | શુદ્ધીકરણ | ચી. નિપૂણ ભાવેશ મૈશેરી | હ. હંસકુમાર શામજી દંડ | સુથરી |
| ૨. | ચંદનકેશર | કુ. નિધી ભાવેશ મૈશેરી | હ. હંસકુમાર શામજી દંડ | સુથરી |
| ૩. | ઘી | ચિ. ચિરાયુ અમર શાહ | હ. હંસકુમાર શામજી દંડ | સુથરી |
| ૪. | મોરપીંછ | ચિ. વૃષભ જયમન ખોના | હ. હંસકુમાર શામજી દંડ | સુથરી |
| ૫. | દુધ | શ્રીમતી રેખા સુનીલ ખેતશી ખોના | | બેંગલોર |
| ૬. | પુષ્પ | શ્રીમતી જયાબેન હિરાચંદ શાહ | | માટુંગા |
| ૭. | અંગલુછણા | ચિ. ખુશ ભાવિક હંસકુમાર છેડા | | ભાંડુપ |
| ૮. | જલ | | | |
| ૯. | ધૂપ | માતુશ્રી વિમલાબેન જેતશી છેડા | હ. હિનાબેન કલ્પેશભાઈ મોતા | |
| ૧૦. | વાસક્ષેપ | | | |

**દાતા પરિવારોનું મોમન્ટો અને શાલથી બહુમાન કરવામાં આવ્યું.**

- સાધારણ ખાતામાં જરૂરત હોવાથી શ્રી સુનીલભાઈ ખેતશી ખોના - બેંગલોર, શ્રી હિરજીભાઈ વાલજી લાલકા, હ. મનિષભાઈ લાલકા (માટુંગા) એ ઉદારતાપૂર્વક ફાળો લખાવેલ તેમની ખૂબ ખૂબ અનુમોદના.
- શ્રીમતી કાન્તાબેન હિરાલાલ પાલાણી (અમ્બેમાંના - ભૂઈમાં) કોઠારા - હાલે સુથરીએ પાંચ દિવસ ભવ્ય આંગીઓની રચના કરેલ... તેમની પણ ખૂબ ખૂબ અનુમોદના.
- સંપૂર્ણ ધ્વજા મહોત્સવના મંડપ વગેરેના દાતા કિરણ ડેકોરેટર્સ - નલીયા હ. કિરણભાઈ મોતા.
- આવતો ધ્વજા મહોત્સવ તા. ૩૧-૧-૨૦૧૭ અને ૧-૨-૨૦૧૭ (મહાસુદ ૬)ના ઉજવાશે આવતા વર્ષના ધ્વજા મહોત્સવમાં બન્ને દિવસની સાધર્મિક ભક્તિના દાતા આવી ગયેલ છે. તા. ૩૧-૧-૨૦૧૭ કુ. નિર્જરા કેવલ સાવલા - ગામ ડેપા ● તા. ૧-૨-૨૦૧૭ 'કચ્છી લીપી'' દ.કો. રાજુલબેન શાહ, અમદાવાદ.

# વહીવંચા અને આપણો ઈતિહાસ

– **રમેશ મુળજી લોડાયા** (ભરૂડિયા–મુલુંડ) – 098203 36767

રાજાશાહીના જમાનામાં બારોટ/વહીવંચાનું ખુબ જ માન. બારોટ ચતુર વરણ. સારા–માઠા પ્રસંગે રાજવી બારોટની સલાહ લેતા. બારોટ હાથમાં આવેલી તકને જતી ન કરે. રાજવીને પણ ટકોર કરતા અચકાય નહીં. જીભે મા સરસ્વતીના બેસણા, શબ્દો ફુલ જેવા કોમળ પરંતુ મર્મવેધી. ટૂંકી વાતમાં શબ્દોના ઘાવથી હથોડાના ઘાને પણ નબળા પુરવાર કરી શકે તેવી તાકાત.

એક વખત ભાવનગર ઠાકોર વજેસંગજી હરણના શિકારે નીકળ્યા. હરણ દૂર નીકળી ગયું. આગળ બારોટ મળ્યા. રાજવીએ પુછ્યું ''બારોટ, મારો શિકાર કઈ વાટે ગયો તમે જાણો છો?'' બારોટને કહેવાની તક મળી અને કહ્યું ''પાપી નરકે સિધાવ્યા, ધરમી સરગે ગા (ગયા), વાટું બે જાણું છું વજા હવે પોસાય એમણો જા.'' રાજવીને નિર્દોષ હરણાનો શિકાર ન કરવાની ટકોર છે.

બારોટ ત્રાંગાળું વરણ, જરૂર પડ્યે નેક, ટેક અને ધરમ ખાતે પ્રાણ આપતા પણ અચકાય નહીં. એમના બલિદાનોના અનેક દાખલાઓ છે એમાના આ એક પ્રસંગ છે. ગુજરાતનો આખરી રાજપૂત રાજવી કરણદેવ વાઘેલો જે કરણ ઘેલા તરીકે ઈતિહાસમાં ઓળખાયો છે. તેણે તેના દિવાન માધવની સ્વરૂપવાન યુવાન પત્ની રૂપસુંદરી તરફના આકર્ષણને કારણે અપહરણ કર્યું. રૂપસુંદરીએ આત્મહત્યા કરી, રાજવીનો સામનો કરતા માધવનો ભાઈ કેશવ મરાણો, કેશવ પત્ની સતિ થઈ. માધવ નાશી છુટ્યો, બદલાની ભાવનાથી દિલ્હીપતિ બાદશાહ અલ્લાઉદીન ખિલજીને મળ્યો. કહે ''હિન્દુસ્તાનનો સૌથી ધનાઢ્ય, ફળદ્રુપ પ્રદેશ ગુજરાત છે ત્યાં અત્યારે અંધેર રાજ્ય છે. તમે ગુજરાત પર ચઢાઈ કરો, હું અને મારા ત્યાં રહેલા ઘણા વફાદાર માણસો તમને મદદ કરશે.'' જેવું કચ્છ દિવાન પુંજા શેઠે પોતાનું દિવાનપણું, જતું રહેતા કચ્છ રાજ્ય પર ચઢાઈ કરવા સિંધના બાદશાહ ગુલામશાહ કલરોને ઉશ્કેરી ઝારાના યુધ્ધને આમંત્ર્યું હતું એવું માધવે કર્યું. પાટણ પર ખિલજી સેનાએ ચઢાઈ કરી. ગુજરાતમાંથી રાજપૂત સત્તા ગઈ અને મુસ્લીમ રાજ્ય આવ્યું સને ૧૨૯૮માં.

અલ્લાઉદીનને જાણવા મળ્યું, કે જૈનોના તીર્થ શેત્રુંજયમાં અઢળક સોનું, રૂપું, જવેરાત અને નગદ્ નાણું છે તેથી શત્રુંજય પર ચઢાઈ કરી. વિધ્ન સંતોષીઓએ જૈનોની સંપત્તિની ઈર્ષ્યા કરી અલ્લાઉદીનને જૈનોના વૈભવભંડાર લુંટવા પ્રેરયો. એ વખતે શત્રુંજય તીર્થની સાર સંભાળ અને સેવાપૂજા કરી તેમજ યજમાનવૃતિથી બારોટો જીવનનિર્વાહ કરતા હતા. બારોટોનું મૂળ સ્થાન રાજસ્થાન ત્યાંથી વિક્રમના ૧૨માં સૈકામાં બારોટો આવી શત્રુંજય તીર્થની આસપાસ વસ્યા. આખરે આદિપુર પાસે અલ્લાઉદીન આવી પહોચ્યોં. લોકો તેના ભયથી ગામ ખાલી કરી ભાગી ગયા. બારોટોએ દાદાના દરબારે મજબૂત ચોકી પહેરો ગોઠવ્યો. ૨૦૦ બારોટો વડિલ બારોટ દાદુને ત્યાં ભેગા થયા. દાદુ બારોટ બોલ્યા ''શું આપણા જીવતા લુંટારો ગિરીરાજને લુંટી જશે? આજે દાદો આપણી કસોટી લઈ રહ્યો છે. એણે આપણને ઘણું આપ્યું છે. બોલો દાદાના નામ ખાતર તમારી શું તૈયારી છે.'' બધા એકી અવાજે બોલ્યા, ''દાદા ખાતર અમે અમારા પ્રાણ આપીશું.'' તેનું વિશાળ સૈન્ય જોઈ દાદુ બારોટ બોલ્યા પહેલા આપણે વિનંતી કરી જોઈએ. દાદુ બારોટ અને થોડા અન્ય બારોટો સોના મહોરોના થાળ, મિઠાઈના થાળ લઈ, બાદશાહને ધરી બોલ્યા 'અમારા ધર્મની રક્ષા માટે તમારી પાસે આવ્યા છીએ.' પરંતુ અલ્લાઉદીનને તો સંપતિ લુંટવાની અને જૈન ધર્મના મંદિરો તોડી ઈસ્લામના ફેલાવની પ્રબળ ઈચ્છા. બીજે દિવસે ડુંગર પર સૈન્ય સાથે ચઢવાની અને લુંટ ચલાવવાની તૈયારી, બાતમીદારોએ દાદુ બારોટને સમાચાર આપ્યા કે આવતી કાલે અલ્લાઉદીન દેરાં લુંટશે.

દાદુ બારોટે યુવાન યુધ્ધ માટે થનગનતા બારોટોને સમજાવ્યા આટલા મોટા સૈન્ય સામે યુધ્ધ કરી શકીએ તેમ નથી તેથી આપણે અહિંસક બલિદાન આપીએ. સૌ તૈયાર થયા રાત્રે ડુંગર ચઢ્યા. ચારો બાજુ ચોકિયાત ગોઠવી માત્ર ઘેટી રસ્તે જવાની બારી ખુલ્લી રાખી. સૈન્ય આગળ આવે અને અંદર દાખલ થાય તે પહેલાં એક જણ પોતાના મસ્તક સ્વહસ્તે વધેરી જાલીમના પગ આગળ પટકાય તેવું નક્કી કર્યું. ''હસ્તે મુખે બલિદાન આપી તેનું કઠણ હૃદય પીગળાવીએ. આપણાં લોહી નિતરતા બલિદાનથી તેનું હૈયું હચમચી જશે. આપણે જીવીશું ત્યાં સુધી દાદાનું રક્ષણ કરીશું. આદિનાથ આપણી સૌની પત રાખશે.'' દાદુના શબ્દે ૧૨૫ બારોટો તૈયાર થઈ ગયા.

ઉષાના અજવાળા થતા અલ્લાઉદીન તેની સેના સાથે ઘેટી પાગને રસ્તે એક પછી એક પગથીયા ચઢવા માંડ્યો. અનુભવી

**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...**

**તન મન**
ટુર એન્ડ ટ્રાવેલ્સ

**9323360708/25903514-5-6**
**tanmantravels@yahoo.co.in**
**www.tanmantour&travel.com**

સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની મુદત ૧લી એપ્રિલ ૨૦૧૬ થી ૩૧ માર્ચ ૨૦૨૧ માટેની મહાસમિતિ, ટ્રસ્ટ બોર્ડ અને પદાધિકારીઓ રૂપે સેવા આપવા ઉત્સુક સૌ જ્ઞાતિ આગેવાનોને અનુમોદના.... અભિનંદન સહ
**'બેસ્ટ ઑફ લક'**
*તન-મન પરિવાર*

**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

દાદુ બારોટે પડકાર્યો, ''હવે એક ડગલું પણ આગળ વધીશ નહીં, અમારા જીવતા તને આ તીર્થ જીતવા નહીં આપીએ. આ તીર્થ અમારી શ્રધ્ધાનું અડગ ચિહ્ન છે.'' અલ્લાઉદીન કહે તમે ૧૦૦ જણા અને તે પણ નિઃશસ્ત્ર, આટલી સેનાનો સામનો કેમ કરશો. અલ્લાઉદીનને સેનાને આગળ વધવાનો હુકમ કર્યો. દાદુ ફરી બોલ્યો, 'તારા હૃદયમાં ઈન્સાનના લોહીની પ્યાસ છે તો તે હું હમણા બુઝાવું છું. દાદુના શબ્દો પુરા થાય તે પહેલા એક યુવાન આગળ આવ્યો જય આદિનાથનો નારો બોલી તલવારથી પોતાનું મસ્તક અલગ કર્યું. મસ્તક અલ્લાઉદીનના પગ આગળ પડ્યું. એક ડગલું બાદશાહ પાછળ હટ્યો. ફરી પ્રયાસ આગળ આવવાનો કર્યો ત્યાં બીજું મસ્તક પગ પાસે આવી પડ્યું. અલ્લાઉદીન જોઈજ રહ્યો. જોત જોતમાં ૩૦-૩૦ મસ્તક વધેરાઈ ગયા. બબ્બે ડગલા પાછળ હટતો ગયો. પ્રયત્ન આગળ વધવાનો ચાલુ રાખ્યો. દાદુ બોલ્યો, ''બાદશાહ તેરે કલેજેમાં દયા હૈ કી નહીં, હમારી આરઝુસે તેરા દીલમેં હોશ ન આયા મગર હમારે લોહી સે ભી નહીં આતા?'' ૫૧-૫૧ બલિદાન હોમાઈ ગયા. દાદુ બારોટે રક્તભીની તલવાર હાથમાં લીધી એ જ વખતે સૈન્યમાં હાહાકાર થયો. અલ્લાઉદીનના મોઢામાંથી ઉદ્‌ગાર નીકળ્યા, ''દાદુ! અબ રહને દે. ખુદા ખાતીર અબ રહેને દે. અબ મેં ચલા જાતા હું'' આજે પણ એ વીરોના એકાવન પાળિયાઓ ગિરીરાજ પર આ પ્રસંગની સાક્ષી પુરી રહ્યા છે.

(દંતકથા મુજબ થોડું સૈન્ય અંદર દાખલ થયેલું. રાયણવૃક્ષને ૭ વખત કાપ્યું પરંતુ ઉગી નીકળ્યું, એક સરદાર મંદિરમા જઈ મૂર્તિ પર પ્રહાર કર્યો ત્યાં કુદરતી અનેક ઝેરી ભ્રમરાઓ તેને વળગી પડ્યા અને મરણ પામ્યા. કહેવાય છે કે ડુંગર ઉપર બિરાજમાન અંગારશા પીરે રક્ષા કરી.)

આવો જ બનાવ મહમદ બેગડાના આક્રમણ વખતે નોંધાયેલો છે જેમાં કભાઈ બારોટ અને અન્ય બારોટોએ મળી ૧૦૦ જણાએ કટાર ખાઈ તીર્થની રક્ષા કરી છે. આમ મુલ્યોના રક્ષણ ખાતર બારોટોએ બલિદાનો આપ્યા છે.

બારોટોની સુંદર સેવાની કદર રૂપે જૈન સમાજે યાત્રિકો જિનાલયમાં જે કંઈ ચડતર (ભેટ) ધરે તે બારોટોને મળે એવું નક્કી કરેલ અને સૈકાઓ સુધી આ પ્રથા ચાલુ રહી. સમય બદલાતા શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખશ્રી કસ્તુરભાઈ લાલભાઈએ સને ૧૯૬૦માં આ પ્રથામાં ફેરફાર કર્યો અને તે મુજબ બારોટોએ જે કંઈ ચઢતર થાય તેનો હક્ક જતો કરી વાર્ષિક રૂા. ૪૦૦૦ નું સાલીયાણું સ્વીકાર્યું. આમ કરવા પાછળ બારોટની નવી પેઢી કેળવણી પામે અને સ્વતંત્ર જીવન જીવતી થાય અને પગભર થાય તે હતો.

આમ બારોટ સમાજ માત્ર વહીવંચાનો વ્યવસાય પુરતો ન રહેતા કવિ, વાર્તાકાર, રાજ્યના સલાહકાર તથા જરૂર પડ્યે ધર્મરક્ષા ખાતર બલિદાન આપવાનો ધર્મ પણ નીભાવ્યો છે.


**ફક્ત ટીનેજર્સ (૧૩ થી ૧૯ વર્ષ) માટે**

**ક્લાસીસ અને વર્કશોપ**

- બાળક જયારે બાળઅવસ્થા માંથી કિશોરાવસ્થામાં આવે ત્યારે તેમને શંકા-કુશંકાઓ, ગેરસમજો અને પ્રશ્નો પજવે છે. તદ્‌પરાંત ખોટે રસ્તેથી મળતી માહિતીઓથી તેમનું માનસ ખરડાય છે. આવી સમસ્યાઓનું સાયન્ટીફીક અને સરળ ભાષામાં માહિતી અને સમજ.
- ટીનેજર્સ માં - જીવન તરફ તંદુરસ્ત દ્રષ્ટિકોણ, સંતુલિત અને જવાબદારી ભર્યા વાણી-વર્તન-વ્યવહાર, પૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ અને પ્રગતિ, તેમજ આત્મવિશ્વાસ અને રચનાત્મકતાનું કાયમી ધોરણે તેમનાં મનો-મસ્તિષ્કમાં નિરૂપણ અને સ્થાપના....

વધુ વિગત માટે

સંપર્ક

**રૂપલ શાહ**

**98339 96477**

કાઉ રો કાડ ર

ડરાઈટ , સિ


શ્રી શાંતિનાથાય નમો નમઃ

**સાંધવ નગરના ઓ ભાગ્યશાળી....**
**પુણ્યાનુંબંધી પુણ્યને વરનારા....**

સાર્ધ શતાબ્દીક મહોત્સવને ઐતિહાસિક બનાવનાર જગડુશા જેવા અન્નના દાતાર **શેઠ શ્રી ચાંપશી માણેકજી લોડાયા** અને શેઠ **શ્રી શામજી નરશી દંડ** ૩૨ ભોજન ૩૬ શાક જેવી અવનવી વાનગીઓ અને નીતનવી મીઠાઈયો પહેલાના જમાનાની પ્રખ્યાત મીઠાઈયો (ગગન, સુતરફેણી, હલવો) આદિ અનેક મીઠાઈયો ખવડાવીને જુના જમાનાની યાદ તાજી કરી નાના મોટા વિવિધ મીઠાઈયો પકવાનો સ્વાદ માણીને રાજી થયી ગયા.

આપે ઉદાર દિલથી સાધુ ભગવંત ને વૈચાવચ્છ તમજ સંઘની સાધર્મિક ભક્તિનો અનેરો લાભ લઈને આપે પુણ્યાનુંબંધી પુણ્યનું ભાથું બાંધ્યું છે. પ્રભુ શાંતિનાથ ભગવાનની તમારા ઉપર હમેશા મહેર રહે અને પરિવારના હાથે ભવિષ્યમાં એનાથી વિશેષ સફતો થતા રહે. એવી પરમાત્મા ને પ્રાર્થના.

**પરેઈ માણેકજી દંડ, સાંધવ** - ડોંબિવલી

એમની વહીઓમાં રહેલી નોંધો અને વંશાવલીઓને વારસાઈ ઝગડા વખતે ન્યાયાલયે પણ માન્ય રાખી છે. તાજેતરમાં ભુજપુરના જીવરાજ ભટની વહીને પુરાવા તરીકે કોર્ટ સ્વીકારી છે.

વહીવંચાઓની વહીઓમાં વંશાવલીની શરૂઆત પૂર્વે પૃથ્વીની ઉત્પતિ, ગોત્રની ઉત્પતિ કથા લખેલી હોય છે. વહીવંચા વહીની પૂજા કરી શરૂઆતમાં યજમાનનું ગોત્ર – નૂખ કઈ રીતે થઈ તેનું વર્ણન વાંચે છે અને ત્યાર બાદ થયેલ પૂર્વજોનો ઈતિહાસ – પરાક્રમો, સત્કાર્યોની નોંધો અને વંશાવલીઓ વાંચી ત્યારબાદ કુટુંબમાં જન્મેલ નવા પુરુષ બાળકની નોંધ કરી શીખ લે છે. વહીઓની નોંધ મુજબ સંવત ૧૨૪૪માં પરમાર વંશીય રાજસેન નામનો રાજપૂત જે મારવાડ કોટડામાં રહેતો હતો તે લુંટફાટ કરી પોતાનું જીવન ગુજરાન ચલાવતો હતો. એક વખત વિધીપક્ષ અચલગચ્છના ભગવાન મહાવીરની ૪૮મી પાટે થયેલ આચાર્ય શ્રી જયસિંહસૂરિ ત્યાં પધાર્યા. આચાર્યશ્રીની વાણીથી પ્રભાવિત બની રાજસેને જીવહિંસા છોડી જૈનધર્મ અંગીકાર કર્યો. સંવત ૧૨૪૪ ભાદરવા સુદ ૫ ના દિવસે તેમના કુટુંબને ઓસવાલમાં ભેળવી દેવામાં આવ્યું અને તેનું ''પોલડિયા'' ગોત્ર સ્થાપ્યું.

મીઠડીયા ગોત્રની એક શાખા ફુરિયા છે તેમાંથી શિયાલ અને પોલડિયા શાખા નીકળી. આ બને નૂખો શરૂઆતમાં ઓળખરૂપે હતી પાછળથી સંખ્યા વધતા તેમના ગોત્ર બની ગયા. શંભુદાન બારોટના મતે પોલડિયા ગોત્રનું આદ્યગોત્ર ધ્રોગ્રાચર છે. પુરુષના નામે વંશપરંપરા શરૂ થઈ તે પહેલા ગોત્રોના નામો ઋષિઓના નામ પરથી હતા. જે ઋષિને માનતા હોઈએ તેના નામે ગોત્ર ગણાતો. પાછળથી સૂર્યવંશ – ચંદ્રવંશ અને અગ્નિવંશની ૪ શાખા પરમાર – ચૌહાણ – પ્રતિહાર અને સોલંકી એમ છ વંશો થયા અને તેમાંથી આગળ જતા અનેક વંશો – શાખાઓ – પ્રશાખાઓ નીકળી.

મુળ પુરુષ પુરખા (પોરવા) પરથી પોરવાડા ગોત્ર બન્યું જેને કચ્છી બોલીમાં પોરલીઆ કહે છે તેનું અપ્રભંસ પોલડિયા થયું. પુરખા (પુરષોતમ) થી ઉપરની પેઢી પ્રતાપાણી – મોઅનાણી – માણક અને દકનાણી પ્રાપ્ત થાય છે. પુરખાનો પુત્ર મુરીઓ થયો તેનો પુત્ર ગરૂવો અને તેનો પુત્ર આદત. આદતના ત્રણ પુત્રો ભોજો, પચાણ (પાંચો) અને આસમલ થયા. ભોનીના કેડવા મોટી ખાખરમાં છે. પચાણના કેડવા લુણીમાં તથા ગોયેરમાં છે તે દશા થયા છે. આસમલનો પુત્ર માળનો પરિવાર વલવાણે વસ્યો. આસમલનો બીજોપુત્ર દેઅરો બીદડે વસ્યો તથા ત્રીજો પુત્ર વીધો જેના કેડવા બાંએઠ તથા ડુમરે વસ્યા.

દશા ઓસવાલ પોલડિયાઓનું મુળ ગામ લુણી છે ત્યાંથી બાંયઠ, ડુમરા, હાલાર ગયા છે. આસમલનો પુત્ર બીધો તેનો પુત્ર હીરો અને તેનો પુત્ર રાજપર તયો. રાજપરનો પુત્ર પાંચારિયા અને તેનો પુત્ર કચરો બાંએઠથી હાલારમાં આવ્યા. હાલારમાં મોટી ખાવડી, બેરાજા, ધ્રાફા, ગોરખડી વિગેરેના વસવાટ બાદ રંગપુર/તુંગી વસ્યા છે.

પોલડિયા નુખની ઘણી નોંધો વહીઓમાં છે જેની વિગત આપણે જોઈશું આગલા અંકે....


**ભુલ સુધાર :**

અંક ૯, તા. ૨૯.૨.૨૦૧૬ થી ૬ માર્ચ, ૨૦૧૬ અંકમા વહીવંચા અને આપણો ઈતિહાસ – ૩માં નાયક શેઠના અવસાનની નોંધમાં જણાવેલ કે એમનું અવસાન સંવત ૧૯૭૭ (સને ૧૯૨૧)માં થયું તે સંવત ૧૮૯૯ (સને ૧૮૨૧) વાંચવું તેમજ આ નાયક શેઠ એટલે જ્ઞાતિ મુકુટમણી કેશવજી શેઠના પિતા નાયક મણસી છે.


**હી માડુ ક મણા**

*માડુ માડુ કે મારે વિજે,*
*ગસ છડે વારે વિજે.*
*સચ્ચો સગપણ રવજો*
*સે ભલા કો ? ટોંર વિજે,*
*ડિઢો હી જીવ જભરો.*
*બેજો પિંછ કુરા વારે વિજે,*
*ન પીએ ન પિંચણ છે*
*હવો પાણી હારે વિજે*
*તદે ચાં જીવ તૂં ઝાડ થી*
*ત-મેં કેજો ?*
*શેરડી જો બે કેજો*
*ન ફળ દે ન ફુલ છે*
*તાઈ પણ અંદર જે*
*આત્મા કે ઠારે વિજે*
*તદે-ત વરસી તપમેં હી પ્રથા*
*રસ પિચણજી પારે વિજે*
*તૂ-ત હોં નીરો છમ્મ ધુંવર*
*છાંઈ દઈ સજો બારે વિજે*
*પાયણ ઘડીઘલ ટુંચે ટાકણે*
*સમજણ સેં ભગવાન*
*કુરા વારે વિજે.*

**ભદ્રી પેટલ,** સાંધાણ
09773483984

# ABDASA (KACHCHH) GAUSHALA TRUST



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## પેઈન્ટીંગ - વાદવિવાદ - એનસીસી ક્ષેત્રે ઝળકેલી બહુમુખી કિશોર પ્રતિભા શ્રૃતિ મોતા



કચ્છ ગામ લાલાના શ્રીમતી અર્ચના અને રાજેશ નારાયણજી મોતાની દસમા ધોરણમાં ભણતી સુપુત્રી શ્રૃતિ બહુમુખી પ્રતિભા છે. તેને નાની વયમાં પેઈન્ટીંગ, ડીબેટીંગ, જિંગલ (જોડકણા) બનાવવા આદિ સ્પર્ધાઓ તથા એન.સી.સી.માં નોંધપાત્ર સિધ્ધીઓ હાંસલ કરી છે.

તાજેતરમાં લલિતકળા અકાદમી અને જે જે ઈન્સ્ટિટ્યુટ ઓફ એપ્લાઈડ આર્ટસ મુંબઈ દ્વારા આયોજિત સ્મોલ હેડ બીગ આર્ટ (નાની વય, મોટી કળા) નામની પ્રતિષ્ઠિત સ્પર્ધામાં શ્રૃતિ વિજયી બની છે. તેના પેઈન્ટીંગ અન્ય વિજેતાઓની સાથે ૨૮મીથી ૩૦મી મે ૨૦૧૬સુધી સર જે જે ઈન્સ્ટીટ્યુટ ઓફ એપ્લાઈડ આર્ટસના એકઝીબીશન હોલમાં પ્રદર્શિત થશે. અગાઉ તેના ચિત્રો આંતરરાષ્ટ્રીય પેઈન્ટીંગ બાલન નામ્બીયરના શિષ્યોના પેઈન્ટીંગ્સ તરીકે બે વખત બેંગલોરની એલાયન્સ ઘ ફ્રાંસીસ ખાતે પ્રદર્શિત થયા હતા. શ્રૃતિ પેઈન્ટીંગ ક્ષેત્રે આંતર શાલેય સ્પર્ધાઓ ઉપરાંત શહેર-રાજ્ય-રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં વિજેતા બની છે.

પ્રખર વક્તા શ્રૃતિએ અંગ્રેજીમાં યોજાયેલી વાદવિવાદ સ્પર્ધા ઉપરાંત નિબંધ લેખન, હિંદી સૂત્રલેખન સ્પર્ધામાં ઈનામો મેળવ્યા છે. તેણે મૂલ્ય સંવર્ધન, જાતિ સમાનતા, શાલેય બાળકોનું આરોગ્ય અને સુખાકારીની સ્પર્ધાઓમાં ઘણા ઈનામો મેળવ્યા છે. શ્રૃતિએ એન.સી.સી. કેડેટ તરીકે સારો દેખાવ કરવા સાથે પ્રાથમિક સારવાર અને જીવનરક્ષા શિબિરોમાં સારો દેખાય કરી શાબાશી

### ગીતાબેનની ગમતાનો ગુલાલ કરવાની વૃત્તિ-પ્રવૃત્તિ અને ઝુકી તો જવાય કોલમ!

આ સાથે જુલાઈ ૧૯૮૯ના ''પ્રકાશ સમીક્ષા''ના પૃષ્ઠ નં. ૧૫ની ફોટોકોપી હાથ ચઢી.

તેમાં ''ઝુકી જ જવાયને !''ની કોલમનો આરંભ કરનાર હતા. ગીતાબેન જૈન અને એને આવકારનાર હતા માનનીય સ્વ. સનત્ભાઈ શાહ એ બંનેની વિનંતીને માન આપીને પછી અનેક જ્ઞાતિજનો એ આ કોલમને આગળ વધારી.

''ગમતાનો ગુલાલ'' કરવાની વૃત્તિવાળા ગીતાબેને આ શિર્ષક સૌ માટે વહેતું મૂક્યૂં એથી કેટલાય લોકોને લખવા પ્રેરણા મળી ને સૌને પ્રેરણા દાયક વાતો જાણવા મળી. દીર્ઘ દ્રષ્ટા લોકોની આ પહેલનો ક્યારેય અંત નહીં આવે, એ આગળ ધપતી જ રહેશે.

જ્ઞાતિજનોને ગૌરવ થાય એવા એક વિશેષ ખુશીના સમાચાર આપવાના છે. રોટરી ક્લબ ઓફ ઉમરગાંવના અધ્યક્ષ શ્રી વિનોદભાઈ ભદ્રાએ ગીતા બેનની પ્રવૃત્તિની સરાહનરૂપે એમને "THE ONE" International Award (એકલવીર-આંતરરાષ્ટ્રીય એવોર્ડ) માટે નોમીનેટ કર્યા છે.

આપણે આશા રાખીએ કે આ એવોર્ડ ગીતાબેનને મળે અને એમના કાર્યમાં ઓર ગતિ આવે. શુભેચ્છાસહ...

- સુનીલ લાલકા


અરવીંદ વેદાંત 77109 54620 | વંદન સાવલા 98708 89981

AV ENTERTAINMENT
All kinds of music Events....

ગીત સંગીત, સંગીત સંધ્યા, એનીવર્સરી, મ્યુઝીકલ હાઊસી, સગાઈ, દાંડિયા રાસ, ગઝલ, કરાઓકે શો, ઓળખાણ વિધી, લગ્નગીત, સુગમ સંગીત, ડી.જે. શો, મહેંદિ સંગીત, રીસેપ્શન, કવ્વાલી, માળા ગીત, ગેટ ટું ગેધર, ગેમ શો, મુંડન, બર્થ ડે પાર્ટી, અંતાક્ષરી

વૈદિક શ્લોકની સાથે લગ્નોત્સવ


પ્રાર્થના સભા, જૈન સ્તવન, માતાજીની પહેડી, માતૃ વંદના, સાંજી, માતાજીની ચૌકી, પિતૃ વંદના, ભજન સંધ્યા, ડાયરો




ફક્ત પ્રવક્તા સાથે CD પર પ્રાર્થના - લગ્નગીત - સગાઈ

પ્રોજેક્ટર LED

શંત્રુજય ભાવયાત્રા, સિમંધર વંદનાવલી, ગીરનાર ભાવયાત્રા, અરિહંત વંદનાવલી, સમેત શિખર ભાવયાત્રા, બાર ભાવના, શંખેશ્વર ભાવયાત્રા, અઢાર પાપ સ્થાનક



મેકઅપ
▶ બ્રાઈડલ ▶ સારી ડ્રૂપીંગ
▶ સાઈડરસ ▶ હેર સ્ટાઈલ
ઓલ ટાઈપ્સ ઓફ મહેંદી
વંદન સાવલા - 98708 89981



શુભેચ્છા સહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છાઓસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

## આરોગ્ય પ્રકાશ : ધ્યાન – મેડીટેશન

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

આજકાલની ફાસ્ટ લાઈફને લીધે મોટા ભાગના દરેકને તાણ, ટેન્શન અને થાકનો અનુભવ થાય એ સામાન્ય છે. મોટા ભાગના ભલે કહેતા હોય કે ને કોઈ ટેન્શન નથી પણ ૯૦% ને કોઈ ને કોઈ ટેન્શન સતાવતું હોય છે, અને એટલે ચિત્ર-વિચિત્ર બિમારીએ અને થાક પહેલાં કરતાં હવે ઘણા વધી ગયા છે. હાઈ બી.પી., ડાયાબીટીઝ, હૃદયરોગ, થાઈરોઈડ, સંધીવાત, ડીપ્રેશન, એન્કમાઈટી, એસીડીટી, માથુ દુઃખવું, કંટાળો, જીવનમાં ખાલીપો જેવી અનેક બિમારીઓ હવે સામાન્ય બની ગઈ છે એનું કારણ આજકાલના ખાન-પાન, બેઠાડુ જીવન સાથે તાણ-ટેન્શન કારણભુત છે.

તાણ-ટેન્શન આપણા મગજની અંદર આવેલ પીનીઅલ ગ્રંથિના કાર્યમાં વિક્ષેપ પાડે છે. આ ગ્રંથિ આપણા શરીરની બીજી ગ્રંથિઓ (થાઈરોઈડ, પિટ્યુટરી થાયમલ, એડ્રીનલ વેગેરે)નું સામાન્ય સંજોગોમાં સારી રીતે સંચાલન કરે છે, પણ પીનીઅલ ગ્રંથિના કાર્યમાં વિક્ષેપ પડવાથી બીજી ગ્રંથિઓનું કાર્ય બરાબર થતું નથી અને આરોગ્ય પર અસર થાય છે, ચિત્ર-વિચિત્ર બિમારીઓ લાગુ પડે છે.

આપણું મગજ ૧ મીનીટમાં આશરે ૬૦ લાખ સંદેશા મેળવે છે. એમાંથી આશરે ૭૦૦ સંદેશાનું ફિલ્ટરેશન થાય છે એટલે કે એટલા સંદેશાની છાણણી થઈ મગજ આ સંદેશા નોંધી લે છે અને તેમાંથી વિવિધ લાગણીઓનું નિર્માણ થાય છે. જો આ લાગણીઓમાં નકારાત્માકતા વધુ હોય તો આપણને માનસિક તાણ-સ્ટ્રેસ થાય છે, માટે પહેલું તો નકારાત્મક વિચાર બને ત્યાં સુધી ન કરવા, છતાં આપણે સંસારી હોવાથી ક્યારેક નકારાત્મક વિચાર મગજમાં આવે ને તેના લીધે મોટા ભાગના આપણને દરેકને તાણનો અનુભવ થાય છે. આ ન થાય તે માટે રોજ થોડી મિનિટનું ધ્યાન-મેડીટેશન કરો.

ભગવાન શ્રીકૃષ્ણ ધ્યાનાભ્યાસની પ્રક્રિયા આ રીતે સમજાવે છે. 'ચંચલ અને અસ્થિર મન જે જે વિષયમાં વિચરતું હોય તે તે વિષયમાંથી પાછુ વાળીને આત્મામાંજ સ્થિર કરો.' મન સ્વરૂપથી જ ચંચળ છે, તેથી કોઈ એક વિષયમાં લાંબા વખત સુધી સ્થિર રહેતું નથી. મનની આ અસ્થિરતાનું ભેદન કરીને તેને કોઈ વિષય કે ધ્યેયમાં સ્થિર રાખવું તે ધ્યાનનું સ્વરૂપ છે.

ધ્યાનની વ્યાખ્યા આપતાં પતંજલિ કહે છે ''તત્ર પ્રત્યયકતાનતા ધ્યાનમ્'' ધ્યાન એટલે ત્યાં (ધ્યેયમાં) ચિત્તના પ્રત્યયની એકતાનતા કરવી. કોઈપણ ધ્યેયમાં આપણા મનને-ચિત્તને ઓતપ્રોત કરવું એ જ ધ્યાન. ધ્યાનાભ્યાસનો પ્રારંભ કરતી વખતે ધ્યાન, ધ્યેય અને ધ્યાનની ત્રિપુટી હોય છે. જ્યારે ધ્યાતા (ધ્યાન કરનાર) ધ્યેયાકાર (ધ્યેયમય) બની જાય ત્યારે તે અવસ્થાને ધ્યાનાવસ્થા કહે છે.

ધ્યાનના અનેકવિધ સ્વરૂપો અને પધ્ધતિઓ છે, જપયુક્ત ધ્યાન એટલે કે નામનો જાપ દા.ત. મહાવીર...મહાવીર... મહાવીર... બીજુ મંત્ર જાપ કોઈપણ મંત્રનો જાપ. ધ્યાન પદમાવતિ મંત્રનો જાપ, ત્રીજુ ભગવાન સ્વરૂપનું ધ્યાન ઈષ્ટદેવ સ્વરૂપનું ધ્યાન એટલે કે ભગવાનની મૂર્તિ બંધ આંખે, મનની આંખે જોઈ મૂર્તિનું ધ્યાન ધરવું. આંખો બંધ રાખી, કપાળના નીચેના ભાગમાં બંને ભ્રમરની વચ્ચે જ્યોતની કલ્પના કરે મનને ત્યાં કેન્દ્રિત કરી ધ્યાન કરવું. પાચમું દિવાલપર કે ટેબલપર 'ૐમ'નું ચિત્ર રાખી મનથી 'ઓમ' ચિત્ર જોવું અને સાથે સાથે મનમાં 'ઓમ'ના ઉચ્ચાર કરવો અને એનોરણ કાર મનમાં જ અનુભવો આપ થોડી મિનિટો માટે કરવું. ધીરે ધીરે સમય વધારી શકાય. મન-મગજમાં વિચારો બીજે જાય તો પણ ફરી 'ઓમ' પર મનને લાવો. આ ક્રિયા દિવસમાં ર થી ૩ વાર કરો. આમ ધ્યાન ધરવા જે પધ્ધતિ આપણને યોગ્ય લાગે તે અપનાવીએ વિચારો ધીરે ધીરે ઓછાં થશે. અને મન ધીરે ધીરે શાંત થતુ જશે. આમ તાત્કાલિક પરિણામ મળશે. ધ્યાન ધરવા કોઈ બાધ નથી, પોતાની મેળે સૌ કરી શકે છે આસન, પ્રાણાયામ, કસરત વગેરે કરવા માટે યોગ્ય માર્ગદર્શક જરૂરી છે પણ ધ્યાન માટે જરૂરી નથી..

કોઈપણ પ્રકારના કામમાં ઓતપ્રોત થઈ જયું એ પણ એક પ્રકારનું ધ્યાન જ છે. મન અહીં ત્યાં ભટકે નહીં અને આપણે જે કંઈપણ કામ કરતા હોઈએ. દા.ત. વાંચતા હોઈએ કે બાગકામ કરતાં હોઈએ કે રસોઈ રાંધતા હોઈએ અને એમાં ખોવાઈ જઈએ, એકધ્યાન થઈ જઈએ, આજુબાજુનું બધું જ ભૂલી જઈએ તો એ એક પ્રકારનું ધ્યાન છે.

ધ્યાનને સાદી ભાષામાં ઉંડા શ્વાસ લેવા અને લાંબા શ્વાસ કાઢવા સાથે સરખાવી શકાય મગજના વિચારોને અટકાવીને શ્વાસોચ્છવાસની ક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરવાની મેડિટેશનની પ્રક્રિયાથી હકીકતમાં મગજમાં એવી એક્ટીવીટી વધે છે જેનાથી પીડાની સંવેદના પ્રસાર થવાનું પ્રમાણે ઘટે છે. અમેરિકાની લેક રોટેસ્ટ બેપ્ટિસ્ટ મેડીકલ સેન્ટરના રિસર્ચરોનું કહેવું છે કે મેડિટેશન કરવાથી શારીરિક દુઃખાવામાં ર૭% જેટલો ઘટાડો થાય છે અને ઈમોશનલ (લાગણીવાળા) દુઃખાવામાં ૪૪% જેટલો ઘટાડો થાય છે.

ધ્યાનથી હાર્ટરેટ ધીમો થાય છે, શરીરનો ઓક્સિજનનો વપરાશ ઓછો થાય છે, અને શરીરની પ્રતિકાર શક્તિ વધે છે. હાઈ.બી.પી., હદયરોગના દર્દીને ફાયદો થાય છે, વ્યક્તિ સતેજ થાય છે, ઇચ્છાશક્તિ વધે છે. આધાશીશી, માથાના દુઃખાવામાં રાહત મળે છે. અનિદ્રાના દર્દીને ફાયદો થાય છે. ધ્યાનથી સીરોટોનીન નામનું હોર્મોન ઉત્પન્ન થાય છે.

રોજ થોડી મિનિટનું ધ્યાન મગજને શાંત કરે, આનંદની અનુભૂતિ આપે, જીવન સમતોલ બનાવે, આપણને નિરોગી રાખે અને આપણું જીવન પુરેપુરું બદલાય છે.

– (સંપૂર્ણ)

## દેખાડો, ભૌતિકવાદ, રેટ રેસ આપણને ક્યાં લઈ જશે?

આખરે આપણે આટલી બધી મહેનત શાને માટે કરીએ છીએ. કોને માટે કમાણી કરીએ છીએ? એવું નથી બનતું કે જીવનભર મહેનત કરીને ભેગા કરેલા રૂપિયા દીકરાને ભણાવવા કે દીકરીને પરણાવવામાં ખર્ચાઈ જાય? મોટું ઘર, સરસ ફર્નિચર, ભવ્ય લગ્ન, વિદેશમાં ભણતાં સંતાનો – આ બધું આપણા માટે જરૂરી હોય છે કે પછી દુનિયાને દેખાડવા માટે કરીએ છીએ?

કરુણતા એ છે કે આટલો વિચાર કરવાની પણ આપણને ફુરસદ નથી. એક અંધ દોટમાં આપણે એટલી ખરાબ રીતે સામેલ હોઈએ છીએ કે એક દિવસ હૃદય ધડકવાનું બંધ કરી દે છે અને આપણે પછડાઈ જઈએ છીએ – ત્યાં સુધી હાંફતા હાંફતા, પડતા આખડતા કોણ જાણે ક્યાં જવા ને શું મેળવવા બસ દોડ્યે જ જઈએ છીએ.

પંચોતેર વર્ષના સુમનભાઈ બીમાર પડ્યા. થોડા દિવસની પથારીવશ સ્થિતિમાં તેમને પોતાની જિંદગીના વિચાર આવવા લાગ્યા. ભાઈઓ પિતરાઈઓથી આગળ આવવા ધંધો વધારવો હતો. મોટું ઘર, દાગીને મઢેલી પત્ની ને વિદેશી ગાડીથી સમાજમાં વાહવાહ કરાવવી હતી.

દીકરો દિકરી યુરોપ અમરિકામાં ભણે તો વટ પડે. તેમનાં લગ્નની પાર્ટી તો જિમખાનામાં જ કરવી જોઈએ. એવા જ માલદાર વેવાઈઓ શોધવા પડે. ભવિષ્ય માટે આ બધું કરતા કરતા કદી જોવાની ફુરસદ ન રહી કે આખરે હું ક્યાં જાઉં છું, પત્ની ક્યાં છે, બાળકો શું કરી રહ્યા છે.

પથારીમાં પડ્યા પડ્યા હવે એ બધું દેખાય છે, જે નહોતું દેખાતું. દાગીને મઢેલી પત્ની પોતાની ઉપેક્ષાથી કંટાળીને કિટી પાર્ટીઝમાં પડી ગઈ છે. મનનું ખાલીપણું ભરવા માટે સિંગાપુર અને ફ્રાન્સ જઈ શોપિંગ કરે છે. દીકરો અમેરિકન યુવતી સાથે રહેવા માંડ્યો છે. લગ્ન ? નો. આટલા જલ્દી કમિટમેન્ટમાં શા માટે બંધાવું? દીકરીએ કેરિયર તો બનાવી છે, પણ મોડે સુધી બહાર રહેવું તે તેનું રૂટિન છે. 'કમ ઓન ડેડી. મારે રિલેશન્સ મેન્ટેન કરવા પડે છે. ઑલ ધિસ ઈઝ નેસેસરી યુ નો.' તેને પણ લગ્નનું બંધન જોઈતું નથી. 'હમણાં તો નહીં જ. લેટ મી એન્જોય લાઈફ.' પત્ની પણ કહી દે છે, 'તમે કમાવામાંથી ઊંચા આવ્યા નહીં. દુનિયા આગળ વધી ગઈ છે તેની તમને ખબર રહી નથી.'

હા. દુનિયા આટલી આગળ વધી ગઈ છે તેની ખબર સાચે જ રહી નથી. અરીસામાં પોતાને જુએ છે ત્યારે ખબર પડે છે કે પોતે પણ બદલાઈ ગયા છે. વાળ રહ્યા નથી. ચહેરો વાર્ધક્ય ધારણ કરી ચૂક્યા છે, પણ ચહેરાની કરચલીઓમાં તેજ નથી, વિલાસિતા છે. આંખોમાં ઘમંડ છે. ક્યાં ગયો એ ચાલીસ વર્ષનો સુમન? સુદૃઢ, નિખાલસ, આનંદથી ચમકતી આંખો અને હસતા ચહેરાવાળો સુમન? ત્યારે નાનું ઘર હતું, બજેટ બનાવીને ખર્ચ કરતા, પણ સુખી હતા. આજે બધું છે ને જાણે કશું નથી?

કોને માટે આટલું કમાયો હું? બિલ્ડર માટે? ઈન્ટિરિયર ડિઝાઈનર માટે? કેટરર્સ માટે? કોને બતાવી આપવું હતું? કોને હરાવી દેવા હતા? કોના પર છવાઈ જવું હતું? કશું વિચાર્યા વિના સફળ, શ્રીમંત થવા માટે દોડવા માંડ્યું તેનું શું પરિણામ આવ્યું? પથારીવશ પોતે, હાથથી ગયેલાં સંતાનો, બેપરવા પત્ની. વિશાળ બેડરૂમ છે, મોંઘો પલંગ છે, બે નોકર ખાસ પોતાની દેખભાળ માટે છે. જે માગે તે મળે – પણ હવે કશું માગવાની ઈચ્છા બચી નથી. સુમનભાઈને એ પણ ખબર છે કે સ્મશાન વૈરાગ્ય જેવો આ માંદગીને લીધે આવેલો વૈરાગ્ય છે. સાજા થયા પછી એ જ એનું એ જ દોડવાનું અને કોણ જાણે શું પામવા ક્યાંથી ક્યાં ભટકવાનું શરૂ થઈ જવાનું છે.

મિત્રો, જરા અટકીએ. દોડવા-ભટકવાનું વ્યસન થાય તે


પરમ
શક્તિ સંજીવની સોસાયટી
સખ્ય ■ સાથ ■ સ્નેહ

**લખલક્ષ્મી લુઠીયા ફંડ પ્રેરીત**
**અનાજ – મસાલા વિતરણ**
દિવસ : બુધવાર, તા. ૬/૪/૨૦૧૬ અને
ગુરૂવાર, તા. ૭/૪/૨૦૧૬
સમય : સવારના ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી
સ્થળ : પરમકેશવ બાગ, નવરોજી લેન,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૬.

**લાભ લેવા વિનંતી.**

જ્ઞાતિની બહેનો દ્વારા બનાવાતી ચીજો માટે
કેટલાક ફ્રી સ્ટોલ સંપર્ક : 09821 675772

*સંસ્થાની રજત જયંતી નિમિત્તે શુભેચ્છા અને સહકાર આપનાર સૌ કોઈનો હૃદયપૂર્વક આભાર !*



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

પહેલાં એક વાર અટકીએ. જિંદગી આપણને ઝડપી લે તે પહેલા સાચા અર્થમાં જીવતા શીખી જઈએ.

આપણે આપણી આજુબાજુ જે કંઈ ખડકીએ છીએ તેમાંથી જરૂરી કેટલું છે અને એક મોહને વશ થઈને વસાવેલું કેટલું છે? કોઈએ કહ્યું છે, એક દિવસ તમે પાછું ફરીને જોશો અને સમજશો કે જેને માટે તમે આકાશપાતાળ એક કરતા હતા તે બાબતો ખાસ મૂલ્યવાન ન હતી. તેની પાછળ દોડવામાં તમે ન જોયો આકાશનો રંગ, ન સાંભળ્યો પંખીનો ટહુકો, ન લીધી ફૂલની સુગંધ, ન કર્યો પત્નીને ઊમળકાભર્યો સ્પર્શ, ન કરી મિત્રો સાથે અમસ્તી અમસ્તી વાતો, ન આપ્યો બાળકોને આનંદભર્યો સમય. મૂલ્યવાન તો આ બધું હતું.

સ્લિપ ડિસ્ક થઈ જાય અને પ્રોસ્ટેટના રોગો થાય તે પહેલાં જિંદગીને માણી લો. કમાવા સાથે, કારકિર્દી સાથે, આનંદ અને પ્રેમને માટે પણ સમય રાખો. કોઈને સંપત્તિ વડે ન માપો. મોટા વિજ્ઞાનીઓ સ્કૂટર કે સાઈકલમાં ફરતા હતા તે ખબર છે? જમીન કે મિલકત 'મારી' છે તેવી ઘોષણા તમે કરો છો ત્યારે ઈશ્વર આકાશમાં હસે છે.

મિત્રો, એક દિવસ આ શરીરને પણ અહીં છોડીને ચાલ્યા જવાનું છે. જે ક્ષણોને તમે પ્રેમથી, આનંદથી, મૈત્રીથી, નિસબતથી ભરપૂર કરી, તેટલી જ ક્ષણો ખરેખર તમારી છે. પ્રિયકાન્ત મણિયારે લખ્યું છે. 'એ ક્ષણો/ભાલ પર ચોડ્યા અક્ષત-કંકુ રંગ્યા કણો, ખબરેય ન રહી જરી જરી / ક્યાં અને ક્યારે ગઈ ખરી?'

આખરે શાને માટે, કોને માટે છે આ દોડાદોડી? દેખાડો અને ભૌતિકવાદ આપણને ક્યાં લઈ જશે?

– **સોનલ પરીખ**, લાઈફલાઈન (જન્મભૂમિ)માંથી સાભાર

||જય શ્રી સચ્ચાઇ માતા||

**વરાડીયા (કચ્છ) મધ્યે બિરાજમાન દંડ પરિવાર ના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી ની દસમી (૧૦) પહેડી પ્રસાદ**

સર્વ ભાવિકો જોગે સંવત **૨૦૭૨ વૈશાખ સુદ ૯, રવિવાર તા.૧૫/૫/૨૦૧૬** ના શુભ દિવસે સવારના સમય ૧૦ થી ૧ દરમ્યાન રાખેલ છે.

સર્વ ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**પહેડી ના લાભાર્થી પરિવાર**
**માતુશ્રી મીઠીબાઇ ત્રિકમજી દંડ પરિવાર**
**માતુશ્રી સુમતિબાઇ સોમચંદ દંડ પરિવાર**

**શુભ સ્થળ**
શ્રી રામજી અંદરજીની વાડી, નપુ હોલની બાજુમાં
ચંદાવરકર રોડ, માટુંગા (C.R.), મુંબઇ - ૪૦૦ ૦૧૯

**સંપર્ક**

| | | | |
|---|---|---|---|
| પ્રફુલ દંડ | 9167667138 | અશોક દંડ | 9821144324 |
| ગૌતમ દંડ | 9619511502 | ખુશીન દંડ | 9892199776 |
| રોબીન દંડ | 9833321334 | કાર્તિક દંડ | 9821336833 |

*નોંધ: કાળા વસ્ત્રો પહેરીને ન આવવાની કાળજી લેશોજી*

## કચ્છ દશા ઓશવાળોની ખાનગી લાયબ્રેરીઓ

ડિસેમ્બર ૧૯૪૩ના પ્રકાશમાં છપાયેલી શ્રી ખીમજી હીરજી છેડાના લેખની વિગતોથી ખરેખર ચકિત થઈ જવાયું. તે લેખના અનુસંધાનમાં નીચે મુજબની વિશેષ માહિતિ રસપ્રદ થઈ પડશે.

૧. ખીમજી ત્રીકમજી ધરમશી મૂળ કોઠારાના પરંતુ ખરી ઓળખ કર્મભૂમિ સુથરીના કચ્છી ભાષામાં કહીએ તો ગઈધર ભાઈની. બાંધકામ અને શિલ્પકળામાં હથેરાટી રહી તેનો જગવિખ્યાત નમૂનો સુથરી તીર્થનું શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલય અને તેનું વિશાળ પ્રવેશદ્વાર છે. જેનો યશ તેમના એ વિષયની પ્રાચીન અલભ્ય વિશાળ સંગ્રહ અને રસપૂર્વકની અધ્યયનને આભારી છે. શીશમ ફ્રેમ જડીત કાચના ઊભા મોટા કબાટમાં પૂંઠા ચડાવી કાળજીપૂર્વક ગોઠવાયેલા ગ્રંથો જીજ્ઞાસુઓને વાચનાલયની ગરજ પર પાડવા - મને જ્યારે એમના નિવાસ સ્થાને નિહાળતા દંગ થવાનું છે અને કર્મઠ પુરુષની લોકોપયોગી પ્રવૃતિથી ગદ્‌ગદ્ થયાનું સ્વાભાવિક છે.

૨. મુંબઈમાં જગ્યાની સંકળાશમાં થયે ખાનગી લાયબ્રેરી દીવા સ્વપ્ન જેથી સાગે. પરંતુ મોટી સિંધોડીની પ્રખર કાર્યકર અને વ્યવસાયે સોલીસીટર શ્રી લાલજી નરપાર શાહને કેમ ભૂલીએ. તળ મુલુંડના ભાડાના ફ્લેટમાં પણ શ્રી લાલજીભાઈએ પૂરી ભીંતમાં ગુજરાતીના ઉચ્ચ કોટીના પુસ્તકોથી સભર કર્યો હતા. ખાસ વિશેષતાએ રહી કે ગુજરાતી પ્રજાના સંસ્કારી મેગેજીનો કુમાર, અખંડ આનંદ ઈત્યાદિની ક્રમાનુસાર વરસોવરસની ફાઈલો બાઈન્ડીંગ કરી વસાવી હતી. જાત મહેનતે દરેક પુસ્તકને પૂંઠા ચોડી નંબરો પણ આપ્યા હતા. તેમની મહેનત જોઈ ફીદા થઈ જવાય. તેમની હયાતીમાં મને, પ્રેમપૂર્વક પુસ્તકો મેગેજીનો છૂટથી ઘરે વાંચવા આપવાની ઉદારતા દાખવી હતી.

બહુરત્ના વસુંધરા જેથી જ્ઞાતિમાં ખાનગી લાઈબ્રેરીનો દીપ પ્રગટાવી જાળવી રાખનાર જ્ઞાતિજનોને વંદન !

– **કાંતિલાલ કેશવજી મોતા**, મુલુંડ

**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
**યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી**
**વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.**

# માલ્ટાની રળિયામણી રાજધાની : વાલેટા

**અજાણ્યા સ્થળે ફરવાનો આનંદ માણવો હોય તો વાલેટાની પસંદગી કરવા જેવી છે. અહીંના મ્યુઝિયમ, પેલેસ સહિત ગલીઓની ભૂલભૂલામણી યાદ રહી જાય એવી છે.**



ઈટાલીની દક્ષિણે આવેલું માલ્ટા ત્રણ નાના ટાપુઓનો દેશ છે. આખા દેશની વસતિ માત્ર ચાર લાખ સત્તર હજાર છે. વરસે બાર લાખ જેટલા પર્યટકો માલ્ટાની મુલાકાત લે છે ! આનું એક કારણ માલ્ટાની આબોહવા દુનિયામાં ઉત્તમ ગણાય છે તે, બીજું એનો અફલાતૂન દરિયો અને એમાં કરી શકાતી જળક્રિડાઓ, ત્રીજું એનું અવર્ણનીય નૈસર્ગિક સૌંદર્ય, ચોથું એની સંસ્કૃતિ જે ઈસુ પૂર્વ હજાર વર્ષ પહેલાંની છે.

માલ્ટા ૧૯૬૪ સુધી બ્રિટિશ કૉલોની હતું તેથી અહીં પણ આપણી જેમ ડ્રાઈવર કારમાં જમણી બાજુએ બેસે છે. સૌથી રાહતની વાત તો એ હતી કે અહીં લોકો અંગ્રેજી જાણે છે.



આટલા બધા પર્યટકો આવતા હોવા છતાં માલ્ટા ઘણા માટે અપરિચિત દેશ છે. દુનિયાના નકશા પર એનું સ્થાન ક્યાં છે એના વિશે કેટલાય લોકો ચોકકસ નથી. આવી કંઈક અંશે અજાણી ધરતી પર પગ મૂકતાં અમે રોમાંચ અનુભવ્યો. માલ્ટાના માલ્ટા, કોમિનો અને ગોઝો એમ ત્રણ ટાપુઓમાંથી પર્યટક તરીકે રંગીનતા અને ધબકાર શોધતા હોઈએ તો તે માલ્ટામાં છે. દેશ અને ટાપુ બંનેનું નામ સમાન હોવાથી માલ્ટાને વાલેટા (માલ્ટિઝમાં વાલેટ્ટા) તરીકે પણ ઓળખવામાં આવે છે. ખરેખર તો વાલેટા માલ્ટાની રાજધાની છે અને મુખ્ય ટાપુ માલ્ટાનું એક શહેર છે.

સ્લિમાને સામે કાંઠે રાજધાની વીલેટા છે. અમારી હૉટેલ દરિયા કિનારે હતી અને બાલ્કનીમાંથી બંદરની પેલે પાર દેખાતું વાલેટો મનમોહક લાગતું હતું. સ્લીમાથી વાલેટા બસ કે ફેરીથી જઈ શકાય છે. અમે ફેરીનો પર્યાય લીધો. માત્ર સાત મિનિટમાં અમે સામે પાર પહોંચી ગયાં. વાલેટાનાં પીળાચટ્ટાં પથ્થરનાં મકાનો અને કિલ્લાની દીવાલે આપણા જેસલમેરની યાદ અપાવી. ગામ ખડક પર ઊભું છે અને કિલ્લાથી રક્ષિત છે. કિલ્લાની દીવાલ પાસે ઊભા રહીને પ્રથમ અમે આજુબાજુનું વિહંગાવલોકન કર્યું. બધું બહુ સુંદર લાગ્યું. ત્યારે ખબર નહોતી કે આ તો માત્ર શરૂઆત હતી. નાનકડા બંદરેથી ગામની મધ્યમાં પહોંચવા ઊંચી, નીચી, સાંકડી ભૂલભલામણી જેવી શેરીઓ વટાવતા અમે ચાલવા લાગ્યાં. કોઈક ગલીઓમાં તો બસ દાદરા જ દાદરા છે ! આવી ગલીઓમાં આવેલા મકાનોમાં રહેનારાઓને આવજા કરવા રોજ કેટલી લાંબી નિસરણીની ઉતર-ચડ કરવાની ! શહેરની બારોક સ્ટાઈલની બાંધણી તરત ધ્યાન ખેંચે એવી છે. પ્રણાલિગત લાલ, લીલા, પીળા રંગોવાળી બારીઓ વાલેટાની આગવી ઓળખ છે. ગલીઓમાં મોજથી રખડતાં અને તસવીરો ખેંચતા અમે મુખ્ય ચોકમાં પહોંચ્યા. આંખો આંજી નાખે એવા ઊંચા મકાનોની ચમકદમક વિનાનો, રેસ્ટોરાં, કેફે અને દુકાનોથી ઉષ્માભર્યું આમંત્રણ પાઠવતો ચોક તરત હૃદયમાં વસી જાય છે. ત્રણેક સંગીત વાદકો પોતાનાં વાજિંત્રોના સૂર રેલાવીને વાતાવરણને ઓર મનોરમ બનાવી રહ્યા હતા. બકિંગહામ પૅલેસ, જ્યાં હવે મ્યુઝિયમ છે, રેસ્ટોરાંનાં ઈંગ્લિશ નામ અને ત્યાં મળતો ઈંગ્લિશ બ્રેકફાસ્ટ જેવી અંગ્રેજોની નિશાનીઓ ચોકમાં અને અન્યત્ર મોજૂદ છે.

અહીં આવેલા સેન્ટ જૉન કેથેડ્રલમાં વ્યક્તિદીઠ છ યુરો ચૂકવી અમે દાખલ થયાં અને ક્યાંય સુધી એની બારોક કલા કારીગરી અને સિલિંગની ચિત્રાકૃતિઓ નિરખતા રહ્યાં. યુરોપનાં સુંદરતમ ચર્ચોમાં આ કેથેડ્રલની ગણના થાય છે. ત્યાંથી થોડું આગળ ચાલતાં માલ્ટાના વડા પ્રધાનનું નિવાસસ્થાન કાસ્ટેલિઓ આવ્યું. બહારથી એનાં દર્શન કરી બરાકા ગાર્ડન તરફ વળ્યાં. બરાકા ગાર્ડને તો અમારા મનને જાણે પોતાની મુઠ્ઠીમાં લઈ લીધું ! આ સુંદર નાના બાગમાં કેફે છે અને બેસવાની રળિયામણી વ્યવસ્થા છે એનો ખરો જાદુ એની અગાશીમાં છે. એના છજા પર પગ મૂકતાં દિલ બાગ થઈ ગયું. આંખની સપાટીથી નીચે સમુદ્ર, સમુદ્રના એક ભાગ પર ઝળૂંબતું ધુમ્મસ, બંદર લાંગરેલી હોડીઓ, બંદર પર આવેલાં મકાનો, લૌકિક હોવા છતાં એક સામૂહિક અલૌકિકતા તાદૃશ કરતાં હતાં. નજર હટાવી ન શકાય તેટલું આંખ સામે રહેલા અ સૌંદર્યમાં સામર્થ્ય હતું. સૌ ચૂપચાપ બેસીને કે ઊભા રહીને આંખોથી ગ્રાન્ડ હાર્બરના સૌંદર્યનું પાન કહી રહ્યાં હતાં. બે ત્રણ યુગલ માટે આ આનંદમય અનુભવ પ્રેમના આવિષ્કારમાં વિસ્તરિત થયો હતો.

ઈતિહાસ, સંસ્કૃતિ અને સુંદરતાનો સંગમ એટલે વાલેટા. સાંજ ઢળી ત્યાં સુધીમાં અમે મનભરીને વાલેટામાં ફરી લીધું હતું. ફેરીમાં સ્લિમા પાછાં ફર્યાં ત્યારે રોશનીમાં નહાઈ રહેલો વાલેટાનો કિનારો અદ્ભૂત લાગતો હતો અને અદભુતતાનું સાનિધ્ય માણતાં દરિયા કિનારા પર બાંધેલા પથ પર ચાલવાનો આનંદ ખરેખર સાવ અનોખો હતો.

### વાલેટા વિશે જાણવા જેવું

- માલ્ટાની રાજધાની વાલેટાથી સાડાઆઠેક કિલોમીટરે માલ્ટા ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ છે. મુંબઈથી ફ્લાઈટ લીધી હોય તો ગોઠવણ પ્રમાણે દેશમાં એકવાર વિમાન બદલવું પડે છે.
- ભાષાનો પ્રશ્ન નથી તેથી વેજિટેરિયન ભોજન માટે શું ખાઈ શકાય તેની મદદ વેઈટર પાસેથી લઈ શકાય છે. અમુક રૅસ્ટોરામાં મેનુ કાર્ડ પર લીલા રંગની નિશાની હોય છે.

– **ચંદ્રિકા લોડાયા,** 'જન્મભૂમિ'માંથી સાભાર

સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## સુજાપુર તીર્થે ધ્વજા મહોત્સવ

કચ્છની સુજાપુર તીર્થે શ્રી અજીતનાથ ભગવાન ના દરબારે ૧૩૪મી ધ્વજારોહણ મહોત્સવ (મહાસુદ ૬) તા. ૧૨-૨-૧૬ અને ૧૩-૨-૧૬ના ખુબજ ઉલ્લાસપૂર્વક સંપન્ન થયો. ધ્વજા મહોત્સવ ઉલ્લાસથી ઉજવવા મહારાષ્ટ્ર, એમ.પી. ગુજરાત થી ભાવિકો પધારેલ.

અઢાર અભિષેક અને ધ્વજા રોહણ કરાવવા વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા પધારેલ. સંગીતકાર શ્રી કિશોરભાઈ ગુણપુરીવાલા એ અઢાર અભિષેક અને સંગીતમય રાત્રીભાવના કરાવેલ.

પ્રથમ દિવસ અઢાર અભિષેકના આખા દિવસની સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી ખમાંવતી વર્ધમાન છેડા હસ્તે ડૉ. રાજુલ શાહ, હાલ અમદાવાદ વાળાએ લાભ લીધેલ હતો.

બીજે દિવસ - નૌકારશી અને ધુવાબંધ ગામજમણ નો લાભ. શ્રીમતી પુષ્પાબેન પ્રવિણચંદ્ર છેડા હાલે ભાંડુપવાળાએ લાભ લીધો હતો.

ધ્વજારોહણનો લાભ ચી. ખુશ ભાવિક હંસકુમાર છેડા, હાલ ભાંડુપ વાળાએ લાભ લીધેલ હતો.

પ.પુ. મુનિશ્રી મુક્તિરત્ન મ.સા. તથા પ.પુ. સાધ્વી શ્રી હંસાવલી મ.સા. ઠા ૮ ની સાધ્વીઓની નિશ્રા પ્રાપ્ત થયેલ. ચર્તુવિધ સંઘની હાજરીમાં ધ્વજારોહણનો મહોત્સવ ઉજવાયો હતો.

શ્રી લેરીન વર્ધમાન ખોના - પવઈ, શ્રી હંસકુમાર લક્ષ્મીચંદ છેડા - ભાંડુપ, શ્રી હિરાચંદ વસનજી શાહ - માટુંગા

ત્રણેય પરિવારે બાકી ખર્ચનો લાભ લીધેલ. અઢાર પરિવારોએ અઢાર અભિષેકનો લાભ લીધેલ હતો.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થયેલ તેમજ પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. ના આર્શિવાદ અને માર્ગદર્શન થી ટ્રસ્ટ સમાજ સેવાના કાર્યો સારી રીતે પાર કરીને આગળ વધી રહ્યો છે.

**બુધવારના ગરીબોને ભોજન કરાવનાર દાતા - કાયમિતિથી :** ગંભીરદાસ છોટાલાલ જોશી (સિહોર), ઉમરશી ભાણજી પોલડિયા (નાગપૂર) હસ્તે ગુલાબભાઈ (અંકલેશ્વર), માતુશ્રી જયાબાઈ નરશી ધરમશી (મુલુન્ડ -પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. ની પુણ્યતિથી), અનંત સ્નાત્ર મંડળ (મુંબઈ), શ્રી દિનેશ ભવાનજી ગોસર (હૈદ્રાબાદ - પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. ની પુણ્યતિથી), કનકકુમાર જોશી (ચાલીસગામ), રાયચંદ માલશી મોતા (સેલમ), જેતબાઈ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ), લક્ષ્મીબેન હેમરાજ મોમાયા (મુલુન્ડ), શા. લક્ષ્મીચંદ કેશવજી માડણ હસ્તે પ્રિયવંદાબેન મેઘજી ધરમશી - તારદેવ (પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. સંયમ આરાધના નિમિતે), રમીલાબેન મણીલાલ ભટારા હસ્તે રૂપમભાઈ ભટારા (ઘાટકોપર), પ્રભાબેન હિરજી ખોના (ડોંબિવલી), ડૉ. વાસંતીબેન હિરજી ખોના હસ્તે હેમલ, જય પોલડિયા (બાયઠ-મુલુન્ડ), માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ ખોના (એલ.જે. શાહ) સાંઘવ-હુબલી

**નકરો :** ડૉ. વાસંતીબેન હિરજી ખોના (મુંબઈ), નેણબાઈ રુપશી લોડાયા (ચાલીસગામ), ઈંદ્રેશ દેવજી પોલડિયા (ચાલીસગામ), હેમલ વિજય પોલડિયા (ચાલીસગામ), હરીશ મુલજી મોમાયા, પલક દિનેશ શહા સાથે મિઠાઈ, આદિ હિતેશ શહા સાથે મિઠાઈ, વસંતભાઈ પોલડિયા (બડગરા)

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, હુબલી

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, હુબલીની સભા બુધવાર તા. ૧૦.૨.૨૦૧૬ ના મળી હતી. જેમાં ૨૦૧૬ થી ૨૦૧૯ વર્ષ માટે મહાજનશ્રીના નવા પદાધિકારીઓની નિમણુંક સર્વાનુમતે થઈ હતી. પ્રમુખશ્રી : શ્રી ભરતભાઈ ભાણજી ખીમજી, વહીવટદાર : શ્રી ભરત ખીમજી મોમાયા, સહવહીવટદાર : શ્રી શરદભાઈ હેમરાજ મોમાયા, ખજાનચી : શ્રી હિરેન કુંવરજી છેડા, સહખજાનચી : શ્રી જયેશ ગુલાબચંદ ખોના, ટ્રસ્ટી સભ્યો : શ્રી તિલકચંદ કરમચંદ વિકમશી, શ્રી શાંતિલાલ રામજી લાલકા, શ્રી નવનીતભાઈ લાલજી મોમાયા, શ્રી મોહન હિરાચંદ દંડ

## ''શ્રી વરાડીયા ગામનાં હાજીપીર બાબાનો મેળો''

શ્રી વરાડીયા ગામમાં રવિવાર, તા. ૨૪.૪.૨૦૧૬, સોમવાર, તા. ૨૫.૪.૨૦૧૬ ના હાજીપીર બાવાનો મેળો યોજાશે.

રવિવાર બપોરના ૩ વાગે હાજીપીર બાબાને ચાદર મડાવવામાં આવશે. દરગાહ પાસે ૫ થી ૭ રાસ ગરબાનો પ્રોગ્રામ અને રાતના ૧૦ વાગ્યાથી કચ્છ ગુજરાતનાં કલાકારો સંગાથે ભજન ડાયરો લોકગીત સંતવાણી તથા કાફી કવાલીનો છ પ્રોગ્રામ છે.

સોમવાર તા. ૨૫.૪.૨૦૧૬ ના સવારનાં હાજીપીર બાબાને પહેડી પ્રસાદ તથા સલામ. બપોર ના ૨.૩૦ વાગ્યાથી કચ્છના મલ્લી કલાકારો સાથે બખ - મલાખડાનો પ્રોગ્રામ

રાખેલ છે. એમ હાજીપીર બાબા મેળાની ની અખબારી યાદીમાં જણાવવમાં આવું છે.

**''બડગરા શ્રી વિમલનાથ જિનાલયની વર્ષગાંઠ''**

બડગરાના દેરાસજીની ૧૭મી વર્ષગાંઠ નિમિત્તે તા. ૧૧.૦૩.૨૦૧૬ ના દેવીશ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૧૨/૩/૨૦૧૬ના સ્નાત્રપુજા અને અઢાર અભિષેક તેમજ રાત્રે ભક્તિભાવના.તા. ૧૩.૦૩.૨૦૧૬ ના સ્નાત્રપૂજા - સત્તરભેદીપૂજા - ધ્વજારોહણ વિધી થયેલ તથા બપોરના સ્વામિવાત્સલ્ય સંઘ જમણ શ્રી સંઘ તરફથી થયેલ. વિધી માટે મુંબઈ જય જિનાલય આરાધક મંડળના શ્રી ભરતભાઈ બોરીચા પધારેલ.

**સખીવૃંદ-પુના**

સખીવૃંદ પુનાએ વિશ્વનારી દિનની ઊજવણી ના સંદર્ભમાં તા. ૫ માર્ચના ગેમ શોનું આયોજન કરેલ.

એમાં નિષ્ણાત શ્રી રાજી તુલપુલે અને મેઘના તુલપુલેને આમંત્રિત કર્યા હતા. ૪૩ સભ્ય બહેનોએ ભાગ લીધેલ. તેમણે બાળપણની યાદ તાજી કરાવતી ગ્રુપ ગેમ્સ અને વ્યક્તિગત ગેમ્સના રમતો રમાડી. વિજેતાઓને એ દંપતી દ્વારા ઈનામ અપાયા.

**મુલુન્ડમાં મહાકાળી ભાવના**

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુન્ડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૧૭.૪.૨૦૧૬ ના રવિવારના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય દેરાસરમાં રાખવામાં આવેલ છે. જેનો લાભ કુ. ઉર્વશી નીતીન કાંતીલાલ નાગડા, જખૌવાળા પરિવારે લીધેલ છે. ભાવનામાં રીદ્ધી સીદ્ધી મંડળ રમઝટ જમાવશે.

આવતા મે માસની ભાવનાની તારીખ ૧૫.૫.૨૦૧૬ ના છે. જેનો લાભ શશીકાંત માણેકજી મૈશેરી પરિવાર, માંડવીવાળીની છે.

**કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન - નલીયામાં એકતા પેનલ વિજયી**

કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન ચૂંટણીમાં ૫૦૦ જેટલા મતદારોએ ભાગ લીધો હતો. નલીયાની મૂલચંદભાઈ પદમશીના નેતૃત્વવાળી એકતા પેનલના ૧૧માંથી ૧૦ ઉમેદવારોનો વિજય થયો હતો જ્યારે પ્રગતિ પેનલના એકમાત્ર ઉમેદવાર વિજયી થયા હતા. નલીયાના જૈન સમાજના બસો વર્ષના જાણતા ઈતિહાસમાં સૌપ્રથમ વખત યોજાયેલી ચૂંટણી ખૂબ જ ઉત્તેજનાપૂર્ણ રહી હતી. અને શાંતિથી ચૂંટણીની તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ હતી જેમાં ગામ ઉપરાંત દેશાવરથી ઉમેદવારો મતદારોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો જેનું પરિણામ રાત્રે મોડેથી જાહેર થયું હતું. વિજેતા ઉમેદવારોએ મેળવેલા મતોની વિગત આ મુજબ છે.

એકતા પેનલના ૧૦ વિજેતા ઉમેદવારોમાં લખમશી પાસવીર મોતા (૨૫૧ મત), મહેશ ખીમજી નાગડા (૨૬૭), મુકેશ હીરાચંદ દંડ (૨૬૩), મૂલચંદ પદમશી મોતા (૨૬૯), દિનેશ માણેકજી મોમાયા (૨૩૯), પિનાકીન જેઠાભાઈ છેડા (૨૫૪), મનોજ ઝવેરચંદ લોડાયા (૨૫૫), માલિની ધર્મેન્દ્ર નાગડા (૨૩૯), દિલીપ રાયચંદ નાગડા (૨૩૬), હિના મનોજ લોડાયા (૨૪૫)નો સમાવેશ થાય છે. જ્યારે પ્રગતિ પેનલના કમલેશ ભવાનજી લોડાયા ૨૨૧ મતો મેળવી એકતા પેનલના કિશોર શામજી મોતાથી ૬ વધુ મતથી વિજયી થયા હતા.

પ્રગતિ પેનલના ઉમેદવારોએ મેળવેલા મતોની વિગત જગદીશ વિશનજી છેડા (૧૯૭), રાયચંદ શામજી ડાઘા (૧૯૭), યોગીતા અભયભાઈ છેડા (૧૬૭), મહેશ વિશનજી છેડા (૨૦૫), અમીત જેઠાલાલ ખોના (૨૦૧), ભદ્રીચંદ ભવાનજી દંડ (૧૯૩) અતુલ મેઘજી છેડા (૨૦૦), ચેતન લહેરચંદ નાગડા (૨૨૨), સમીર લક્ષ્મીચંદ નાગડા (૨૧૯), વીરેન્દ્ર ભવાનજી લોડાયા (૨૨૬)નો સમાવેશ થાય છે.

**'કચ્છમિત્ર'**માંથી સાભાર

**ક્ષમાયાચના :**

પ્રકાશ સમીક્ષાના અંક નં. ૧૧ (તા. ૧૪-૩-૧૬ના સમાચાર વિભાગમાં હુબલીના સનાત્ર મંડળ અંગેના સમાચારમાં પુર્ણિમાબેન દિપક વિકમશીનું નામ ભૂલથી પુર્ણિમાબેન ગુલાબચંદ ખોના છપાયું છે.

**સ્માર્ટ ફોનકે સ્માર્ટ ગતકડું ?**

આકાશ ટેબલેટ અને નેનો કારની હરોળમાં એક નામ ઉમેરાઈ ગયું છે - ફ્રિડમ ૨૫૧. ફક્ત રૂપિયા ૨૫૧ની કિંમતનો સ્માર્ટ ફોન ! આ ફોનના સ્પેશીફિકેશન જે પ્રકારના કહેવાયા છે (ચાર ઇંચ ક્યુએચડી આઈપીએસ ડીસપ્લે, ૧.૩ ગીગાહર્ટઝ પ્રોસેસર, ૧જીબી રૅમ, ૮ જીબી સ્ટોરેજ, ૩.૨ એમપી રીયર કેમેરા, એન્ડ્રાઈડ ૫.૧, એ જોતા આ કિંમત કોઈ રીતે માની શકાય તેવી નથી. તો સવાલ એ છે કે ફ્રિડમ ૨૫૧ આકાશ બનશે કે નેનો ?

અત્યારે તો એવું લાગી રહ્યા છે કે કંપનીએ ફક્ત જબરજસ્ત પબ્લીસીટી મેળવવવા માટે આ ગતકડું કર્યું છે, પણ એક વાત ચોકકસ કે નેનો અને આકાશ ટેબલેટ બન્ને કિસ્સામાં કંપનીનાં દાવા મુજબની કિંમત ઘણે અંશે શક્ય બની છે. ટેબલેટ અત્યારે સખત સસ્તા થયા છે - એ જોતાં, લાંબા ગાળે સ્માર્ટ ફોનની કિંમત ઠિક ઠિક નીચે આવી શકે છે ખરી !

**- હિમાંશુ કીકાણી**

દિવ્યભાસ્કરમાંથી સાભાર

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **લોડાયા વિસનજી કુંવરજી** | એ-૧/૨૩, બ્રહ્મા આંગન, ઓફ સાલુંકે વિહાર રોડ, કોંધવા, પુના - ૪૧૧ ૦૪૮. ફોનઃ ૦૨૦-૨૬૮૩૩૦૨૬, મોબાઈલ : ૦૯૮૨૨૮ ૩૨૪૨૬ |
| **કેતુલ વી. પોલડીયા** | એ/૨૦૪, અનુપમ સોસાયટી, માનપાડા રોડ, વિજયા બેંકની સામે, ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. |

## જીવનચક્ર

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૩-૧૬ | ઘાટકોપર | પ્રણવ જયંત ગોવિંદજી લોડાયા | કોઠારા | ૨૯ |
| | દાદર | શિલ્પા રમેશ રાયચંદ લોડાયા | સુથરી | ૨૯ |
| ૧૩-૦૩-૧૬ | ગોરેગામ | મિતેશ ચેતન ચંદુલાલ વોરા | રંગપુર | ૨૭ |
| | ડોમ્બીવલી | છાયા દેવેન્દ્ર હિરજી માલદે | દલતુંગી | ૨૬ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૩-૧૬ | મુલુંડ | ધવલ રાજેશ જયંતીલાલ સાવલા | કોડાય | ૨૪ |
| | મુલુંડ | તુષા હીતેશ વેરશી લોડાયા | દલતુંગી | ૨૨ |
| ૧૮-૦૩-૧૬ | તેરા | ચિરાગ કિર્તિકુમાર ખેતશી ધરમશી | તેરા | ૨૫ |
| | અજાર | નિરાલી વિનોદ પ્રભુદાસ દુદૈયા | અજાર | ૨૫ |

### સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૩-૧૬ | અમદાવાદ | પારસ કાંતિલાલ લખમશી નાગડા | જખૌ | ૩૦ |
| | હૈદ્રાબાદ | રાગિની હરિશ નવીનચંદ્ર લાપશીયા | દલતુંગી | ૨૯ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૬-૧૫ | ઘાટકોપર | અશિત નવિન જેઠાભાઈ નાગડા | નલીયા | ૪૧ |
| | ઘાટકોપર | કુંથલ ધનસુખલાલ હરજી લીબાની | માનકુઆ | ૩૨ |
| ૧૬-૦૨-૧૬ | ઘાટકોપર | અજીત નવીનચંદ્ર માણેકજી લોડાયા | સાંધવ | ૩૧ |
| | ન્યુ દિલ્હી | પૂજા કિશનલાલ ભારદ્વાજ | ન્યુ દિલ્હી | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૩-૧૬ | મંજલ (રેલડીયા) | રતનબાઈ જેઠાભાઈ લાલકા | વારાપધર | ૬૭ |
| ૨૧-૦૩-૧૬ | મસ્જીદ | લતા નરેશ કુરૂવા | ગોધરા | ૫૮ |
| ૨૨-૦૩-૧૬ | મુલુંડ (વેસ્ટ) | પિયુષ નવીનચંદ્ર મોતા | રાયધણજર | ૫૮ |
| ૨૪-૦૩-૧૬ | સૂરત | મિલનકુમાર સુનીલ શાહ | દલતુંગી | ૨૫ |
| ૨૫-૦૩-૧૬ | ડોંબીવલી | વિજયાલક્ષ્મી જેઠાલાલ ખોના | સુથરી | ૬૯ |


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# લોડાયા તથા નાગડા પરિવારનું ગૌરવ




ચિ. અક્ષય તિલક લોડાયા CRL Group of Company માં કાર્યરત પહેલે પગથીયેથી જ
Mahendra Transport Excellence Award Supported by National Highway Ministry of India India National Winner Categary Hazardous Chemical Safety & Transportation.



તારી આવી કાર્યવાહીએ
અમારા મન અને હૃદય
અતિ ઉલ્લાસથી થનગની રહ્યા છે...
તારી આ સિધ્ધિઓ
આસમાનને છુએ...
એવી જ અમારી શુભેચ્છા !

થાય તારી નામના...
એ જ અમારી મનોકામના !!

## ચિ. અક્ષય તિલક લોડાયા

Managing Partner & Founder
CRL Express Logistics (I) LLP

ગામ : કોઠારા (કચ્છ) હાલ : મુલુંડ (મુંબઈ)



-: શુભેચ્છક :-

દાદાણા : માતુશ્રી મુરબાઈ રાયચંદ જેઠાભાઈ લોડાયા પરિવાર
નાનાણા : માતુશ્રી હિમાબાઈ મુરજી ભવાનજી નાગડા પરિવાર

Capital Roadlines (Gujarat)
C.R.L. Express Logistics (India) LLP
Capital Roadlines

099309 05236
akshay@akshaylodaya.net

માતા-પિતા : અ.સૌ. સુશીલા તિલક લોડાયા
અંકલ-આન્ટી : અ.સૌ. મીનાક્ષી મણીલાલ દંડ
ભાઈ-ભાભી : અ.સૌ. ભાવના સુનિલ સાયલા
બહેન : જ્યોતિ તિલક લોડાયા

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## શ્રી પાર્શ્વનાથજી દેરાસરજી - કુમઠા તથા શ્રી શાંતિનાથજી દેરાસરજી - વાલગીરીનો ધ્વજા મહોત્સવ ભાવવિભોર કરનાર બન્યો

મુખ્ય તસવીરો પહેલા કવરપર અને અહેવાલ ૫મે પાને



## પ્રથમ પુણ્યતિથી



# સૌ. વર્ષા જયેશ છેડા

જન્મ: તા.૨૩.૧૧.૧૯૬૭ અરિહંત શરણ: તા. ૩૦.૩.૨૦૧૫

આંખો થી મનમાં વસી ગઈ વર્ષા
અને અશ્રુ બની મનથી, આંખોથી વરસી ગઈ વર્ષા
અમે બધા ભેગા છીએ પણ તું જ નથી વર્ષા
તારા વિના અમે બધા એકલા અને ફક્ત એકલા જ રહી ગયા વર્ષા.

**: શોકાતુર :**

માતુશ્રી તારાબેન નવિનચંદ્ર છેડા પરિવાર (વારાપધર)
પતિ : જયેશ નવિનચંદ્ર છેડા
પુત્ર - પુત્રી: જય જયેશ છેડા, ચાર્વિ વિજય છેડા
પિયરપક્ષ : માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ ગોસર પરિવાર (ગોએરસમા)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,